ા ૭ બાળ જ્ઞાનમાળા પુ. ૧૩૨ મું.

# પાળ-તેજપાળ



લે. ધીરજલાલ ટોકરશી શાહ

ાથ! એ દ્રવ્યને એવી રીતે રાખો કે તે જાહેર હોય છતાં કોઈ તેને લઈ ન શકે." પૃ. ૭૩

શ્રી સયાજી બાલ જ્ઞાનમાળા .·. પુષ્પ ૧૩૨ મું

# વસ્તુપાળ-તેજપાળ

લેખક:

ધીરજલાલ ટોકરશી શાહ

'કુદરત અને કળાધામમાં વીસ દિવસ' 'અજંતાનો યાત્રી'
'વીર વિઠ્ઠલભાઈ', 'અચલરાજ આબુ', 'પાવાગઢનો પ્રવાસ',
'મહારાજા સયાજીરાવ ગાયકવાડ' 'વિમળશાહ' તથા
બાળ ગ્રંથાવલી અને વિદ્યાર્થી વાંચનમાળાની
૧૫૬ પુસ્તિકાઓના કર્તા તથા સંપાદક.

પ્રકાશક :
અવધાનકાર **ધીરજલાલ ટોકરશી શાહ**
માલિક : જ્યોતિ કાર્યાલય
નગરશેઠ માર્કીટ, રતનપોળ
અ મ દા વા દ

મૂલ્ય

| | | |
|---|---|---|
| સં. ૧૯૯૨ | ૦-૬-૦ | પહેલીવાર |
| ડીસેમ્બર ૧૯૩૫ | | ૧૦૦૦ |

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ.
શ્રી વીરવિજય પ્રીં. પ્રેસ
રતનપોળ, સાગરની ખડકી
અ મ દા વા દ

શ્રી

# નિવેદન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી શ્રીમંત પતિતપાવન મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ, સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આઇ., જી. સી. આઈ. ઇ., એલ્ એલ્. ડી. એઓશ્રીએ કૃપાવંત થઇ બે લાખ રૂપિયાની જે રકમ અનામત મુકેલી છે તેના વ્યાજમાંથી "શ્રી સયાજી બાલજ્ઞાનમાળા" રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

તદનુસાર **'વસ્તુપાળ – તેજપાળ'** નામનું પુસ્તક શ્રી **ધીરજલાલ ટોકરશી શાહ** પાસે તૈયાર કરાવવામાં આવેલ તેને ઉક્ત માળામાં ૧૩૨ મા પુષ્પ રૂપે, આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ભાષાંતર શાખા<br>પ્રાચ્ય વિદ્યામંદિર<br>**વડોદરા** | **મં. ર. મજમુદાર**<br>ભાષાંતર મદદનીશ | **ભા. કા. ભાટે**<br>વિદ્યાધિકારી<br>વડોદરા રાજ્ય |

૧૯–૧૨–૩૫

# સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧ | કુમારોનું સાહસ | ૧ |
| ૨ | કુટુંબપરિચય | ૭ |
| ૩ | પહેલું યુદ્ધ | ૧૧ |
| ૪ | વતનત્યાગ | ૧૯ |
| ૫ | રાજસેવામાં | ૨૪ |
| ૬ | મંત્રીધર્મ | ૨૯ |
| ૭ | સોરઠ પર ચડાઈ | ૩૩ |
| ૮ | ઘમંડી ઘુઘલરાજ | ૩૭ |
| ૯ | શત્રુપરાજય | ૪૩ |
| ૧૦ | ઇન્સાફ | ૪૯ |
| ૧૧ | બુદ્ધિબળના દાવ | ૫૪ |
| ૧૨ | સીદીક દેશનિકાલ | ૬૧ |
| ૧૩ | તીર્થયાત્રા | ૬૯ |
| ૧૪ | અપૂર્વ સર્જન | ૭૫ |
| ૧૫ | અન્તિમ કાળ | ૮૪ |
| ૧૬ | ઉપસંહાર | ૯૦ |
| ૧૭ | સંદર્ભ પુસ્તકોની યાદી | ૯૩ |


## ચિત્રપરિચય



૧ મુખપૃષ્ઠ

૨ નેમિનાથ જિનમંદિરનું એક દૃશ્ય. . . . ૧

૩ એ કમળની પાંખડીએ પાંખડીએ અંગમરોડ દર્શાવતી પૂતળીઓ મૂકી. . . . . ૪૮

૪ છતની ગુમ્મજોમાં જ્યાં જગા મળી ત્યાં શિલ્પકારોએ ફુલ, ઝાડ, વેલબૂટા વગેરે કોરી કાઢયાં. ૭૫

૫ અનુપમ શિલ્પકળાના કેટલાક સુંદર નમુનાઓ. ૮૨



નેમિનાથ જિનમંદિરનું એક દ્રશ્ય

"મીણમાં પણ જે નકશી ઉતારતાં મુશ્કેલી નડે એ નકશી કઠણ પત્થરોમાંથી કોરાએલી મંદિરના સ્થંભે સ્થંભે અને ગોખે ગોખમાં નજરે પડતી હતી." પૃ૦ ૮૦

# વસ્તુપાળ-તેજપાળ

: ૧ :

## કુમારોનું સાહસ

પ્રાતઃકાળનો સમય છે, મધુર મધુર પવન વહી રહ્યો છે, પક્ષીઓ ઝાડ પર કિલ્લોલ કરે છે. એ વખતે સુંહાલક ગામના સરોવર જેવા વિશાળ તળાવમાં કેટલાક કુમારો નહાવા પડ્યા છે. સહુ સરખે સરખા તરિયા છે એટલે તોફાનમસ્તીનો પાર નથી. કોઇ તરવાની ઝડપ માપી રહ્યું છે, તો કોઇ ડૂબકી-મારવાની શક્તિ પારખી રહ્યું છે. કોઇ સામા પર પાણી ઉછાળી તેને મૂંઝવે છે તો કોઇ ધક્કો મારી બીજાને ડૂબાવવા પ્રયાસ કરે છે.

એવામાં એક કુમારે પડકાર કર્યો: 'અહીં પડયા પડ્યા નહાવામાં શી બહાદૂરી છે? ખરી બહાદૂરી તો ત્યારે ગણાય કે તરતાં તરતાં સામેના કમળવનમાંથી કમળો લઈ આવીએ.'

બીજા કુમારો આ સાંભળી ચમકયા, કારણ કે કમળવન બરાબર અર્ધો ગાઉ છેટે તળાવની મધ્યમાં આવેલી ટેકરી પાસે હતું. વળી ત્યાં જવામાં મગરનો પણ ઘણો ભય હતો.

'કેમ, અહીં તો બધા બડાઈ હાંકો છો ને ત્યાં જવાને કોઈ તૈયાર નથી?' પેલા કુમારે ફરી વાર બધાને ચીમકી આપી. આ સાંભળી પાંચ–છ કુમારો તૈયાર થઇ ગયા ને વેગથી એ તરફ ધસી ગયા.

ખરી હરીફાઈ જામી.

ખરાખરીના ખેલમાં સાચી શક્તિવાળા ટકે છે. કોઈ સો હાથ જઇને પાછા વળ્યા તો કોઈ બસો હાથમાં જ હાંફવા લાગ્યા.

થોડીવારમાં ચાર કુમારો પાછા ફર્યા અને બે જ કુમારો બાકી રહ્યા. બન્ને ખરેખરા મર્દ હતા. તેઓ હોડીની જેમ સડસડાટ આગળ વધ્યે જતા હતા પણ કોઇ કોઈને હઠાવી શકતું ન હતું.

પાછળ રહેલા કુમારો કિનારા પરના ઝાડ પર ચઢી આ બે કુમારોની હરિફાઇ જોઈ રહ્યા.

થોડીવારમાં પેલા બે કુમારો કમળવનમાં જઈ

પહોંચ્યા અને મોટાં મોટાં કમળો જોઇ બહુ જ ખુશ થયા. તેમાંથી આવતી સુગંધીથી એમનું મગજ તર બની ગયું. આ સુગંધી કમળો એક બીજા પર ફેંકી તેઓ મસ્તી કરવા લાગ્યા.

એવામાં એક કુમારે બૂમ પાડીઃ ' વસ્તુપાળ ! મગર ! '

બીજો કુમાર એ સાંભળી ચમક્યો. તે આ-જુબાજુ જોઇ બોલ્યોઃ ' તેજપાળ ! જો પેલી ટેકરી રહી! ચાલો ત્યાં દોડી જઇએ. એટલું અંતર તો આપણે જોતજોતામાં કાપી નાંખીશું.'

બન્ને કુમારો ટેકરી ભણી જવા લાગ્યા. પણ ક્યાં મગરની ઝડપ અને ક્યાં બાળકોની ઝડપ ? વસ્તુપાળ અને તેજપાળ બન્ને બળિયા હતા પણ મગર તેમના તરફ બમણી ઝડપે ધસી રહ્યો હતો.

મગર ચાલીસ હાથ જ છેટે રહ્યો પણ ટેકરી હવે દૂર ન હતી. બન્ને કુમારોને એ ટેકરી પર પહોંચી જવાની હિમ્મત હતી. તેઓએ પાછળ જોયા વિના જ તરવાનું ચાલુ રાખ્યું.

તેઓ થોડાક હાથ આગળ ગયા પણ પાછળ કાળ ફૂંફાડા મારતો હતો. કદાચ તેઓ કિનારે પહોંચે તે પહેલાંજ તે તેમને પકડી પાડે તેમ હતું. પણ હામ હાર્યે કાંઈ ચાલે ?

'જય અરિહંત !' એકે બૂમ પાડી. બીજાએ તેટલા જ ઉત્સાહથી તે ઝીલી લીધી.

મગર બેચાર હાથ જ પાછળ રહ્યો. એકાદ પળમાંજ તે સુકુમાર બાળકોનો ભક્ષ કરી જાય તેમ હતું.

સામે કિનારે ઝાડપર ઊભેલા બાળકોએ આ દૃશ્ય જોયું અને તેઓ ભયથી કિકિયારી પાડી ઉઠયા. કેટલાક આ સમાચાર કહેવા ગામમાં દોડી ગયા.

વસ્તુપાળને આ સમયે સમયસૂચકતા સ્ફુરી: 'તેજપાળ ! સીધું તરવાનું છોડી દો. એમાં આપણે નહિ ફાવીએ. ડૂબકી મારી જાઓ અને ત્રાંસ કાપી કિનારે નીકળો.'

મગરના ફુંફાડામાં તેજપાળે થોડુંજ સાંભળ્યું અને બાકીનું બધું કલ્પી લીધું.

તીરની પેઠે પાણીમાંથી રસ્તો કરતા મગરના શિકારો તેની નજર આગળથી અદૃશ્ય થઈ ગયા

અને ટેકરીના કિનારા આગળ નીકળી ઉપર ચડી ગયા.

મગર નિરાશ થઈને પાછો ફર્યો.

પરંતુ હવે પાછા કેમ ફરવું તે પ્રશ્ન આ બાળકોને મૂંઝવવા લાગ્યો.

આ બાજુ ગામમાં છોકરાઓની વાત સાંભળી વસ્તુપાળ-તેજપાળના મોટાભાઇ મલ્લદેવ લુણિગ અને તેની નાની બહેનો કિનારે દોડી આવ્યાં. બીજા માણસો પણ દોડતા આવવા લાગ્યા. વસ્તુપાળ અને તેજપાળ સહિસલામત છે એ જાણી સહુમાં પ્રાણ આવ્યો.

તરત મોટા વાંસડાઓનો તરાપો બંધાયો અને તેના પર મલ્લદેવ, લુણિગ તથા બીજા બે જુવાનો હથિયાર સાથે સવાર થયા. કાંઇ પણ વધુ અકસ્માત વગર તેઓ ટેકરી પર પહોંચ્યા. મલ્લદેવ અને લુણિગ વર્ષોના વિયોગીઓને ભેટતા હોય તેમ વસ્તુપાળ-તેજપાળને હર્ષાશ્રુ સહિત ભેટી પડયા.

તેઓ બધા પછી તરાપા પર બેઠા અને રસભરી

વાતો ફરતા ચઢતા મધ્યાહ્ને સહિસલામત કિનારે આવી ગયા. માતાએ તેમનાં દુઃખણાં લીધાં અને પિતાએ તેમને છાતી સરસા ચાંપ્યા.

આખો દિવસ વસ્તુપાળ અને તેજપાળ તેમના મિત્રોથી ઘેરાયલાજ રહ્યા. નાની નાની બહેનોએ પણ તેમને આજના બનાવ વિષે અનેક સવાલો પૂછયા. તે દિવસથી એ બન્ને ભાઇઓ આખા ગામમાં પંકાવા લાગ્યા.

: ૨ :

# કુટુંબપરિચય

વસ્તુપાળ અને તેજપાળ જ્ઞાતે પોરવાડ વાણિયા હતા. તેમના પિતાનું નામ આસરાજ હતું. તેમના વડવાઓ બારમી સદીમાં પાટણમાં આવીને વસ્યા હતા અને રાજ્યની વફાદારીભરી નોકરી અને બુદ્ધિમત્તાથી બહુ પંકાયા હતા. મંત્રી આસરાજના પિતા વીર સોમરાજ સિદ્ધરાજ જયસિંહના વિશ્વાસુ મંત્રી હતા. તેઓ જીવનપર્યંત નેકીથી નોકરી કરવા બદલ સિદ્ધરાજના પ્રેમપાત્ર બન્યા હતા.

મંત્રી આસરાજમાં તેમના પિતાના બધા ગુણો ઊતર્યા હતા. તેઓ રાજ્યના દરેક કામમાં ભાગ લેતા અને મહારાજા ભીમદેવના એક સલાહકાર હતા. તેઓ સાહસિક પણ ભારે હતા.

વસ્તુપાળ–તેજપાળની માતા કુમારદેવી અણહિલપુરના આભુમંત્રીની લાડકવાયી પુત્રી હતી. બાળ-

વયમાં તે વિધવા બની હતી, પરંતુ એક મુનિએ ભાખેલા ઉજ્જવલ ભવિષ્યથી મંત્રી આસરાજે ફરીથી તેનું પાણિગ્રહણ કર્યું હતું. તેમનો સંસાર ખૂબ સુખી હતો.

પાટણની રાજકીય સ્થિતિ એ વખતે બહુ જ ડામાડોળ હતી. મહારાજા ભીમદેવ શૂરવીર હતા પરંતુ કદાગ્રહી પણ તેવાજ હતા. આબૂના પરમાર રાજાની કુંવરી ઈચ્છનના લગ્ન બીજા જોડે નક્કી થયેલા છતાં તેની માગણી કરી અને તેનો ઈન્કાર થતાં તે રાજા સાથે યુદ્ધ કર્યું. એ ભયાનક યુદ્ધમાં જો કે તે વિજયી થયા પરંતુ અંદર અંદર કલેશના ભયંકર બીજ રોપાયાં ને રજપૂતોની શક્તિ ઓછી થઈ ગઈ. એથી દિલ્હીપતિ કુતૂબુદ્દીનની ગુજરાત પર સવારી થઇ ને પાટણને નહિ જોયેલા દિવસો જોવાનો સમય આવ્યો. આવા વખતે પોતાની માલમિલકતનું રક્ષણ કરવાને ઘણા પ્રતિષ્ઠિત કુટુંબો સહીસલામત જગાએ ચાલ્યા ગયા. મંત્રી આસરાજ પણ સુંહાલક ગામમાં ચાલ્યા ગયા. સુંહાલકમાં તેઓ સર્વ સત્તાધીશ બની ગયા હતા અને તેથી તેમને કોઈ વાતની કમી ન હતી.

તેમને ત્યાં એક નાના રાજા જેવો ઠાઠ જોવામાં આવતો. પત્થરની ત્રણ માળની સુંદર હવેલી તેમનું નિવાસસ્થાન હતું. નોકર-ચાકરની તેમને ખોટ નહોતી. ઘેર દશેક ભેંસો, પચીશેક ગાયો, દસબાર ઘોડા, ત્રણ ચાર ઊંટ તથા થોડાં ગાડાં અને રથ પણ રાખ્યાં હતાં. વળી રજપૂત તથા કોળીને ચૂંટી ચૂંટીને એક લશ્કરી ટુકડી બનાવી હતી, જે ગમે તેવો ઊડાઊડનો સમય આવે તો પણ કામ આવતી.

કુમારદેવીને પાટણ કરતાં અહીંનું જીવન દરેક પ્રકારે સુખી લાગતું હતું. તે એક રાજરાણીની સાહેબીમાં દિવસો પસાર કરતી હતી. ગામની અનેક સ્ત્રીઓ સાથે તેણે સખીપણાં કેળવ્યાં હતાં.

અહીં રહેતાં તેણે કુલ ચાર પુત્રો અને સાત પુત્રીઓને જન્મ આપ્યો હતો. એના બધા પુત્રો દેખાવડા અને ચતુર હતા. તેમનાં નામ લુણિગ, મલ્લદેવ, વસ્તુપાળ અને તેજપાળ રાખ્યાં હતાં. પુત્રીઓ પણ બધી દેવીઓ જેવી દેદીપ્યમાન હતી. એમનાં નામ જાલ્હુ, માઉ, સાઉ, ધનદેવી, સોણા, વયજુ અને પદ્મદેવી રાખ્યાં હતાં.

આ પુત્રપુત્રીઓની કાંતિ જોઈ દરેકને આનંદ થતો. માતાપિતા બન્ને સંસ્કારી હોવાથી તેમને દરેક જાતની કેળવણી આપતાં હતાં. એમાં પુત્રોને ખાસ કરીને લડાયક તાલીમ વિશેષ આપવામાં આવતી હતી, કારણ કે તે વખતે ગમે ત્યારે યુદ્ધની ભેરીઓ ધણધણી ઊઠતી.

બધા પુત્રોમાં વસ્તુપાળ અને તેજપાળ વિશેષ ઝળકી ઊઠયા. એમની કુશાગ્ર બુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ તથા શૌર્ય અને પરાક્રમના ગુણોથી સહુ ઉપર ઊંડી છાપ પડી હતી. આપણે એમના જીવનના એક પ્રસંગને આગળ જોઈ ગયા છીએ.

પુત્રપુત્રીઓ યોગ્ય ઉમ્મરનાં થતાં તેમનાં લગ્ન કરવામાં આવ્યાં. વસ્તુપાળનાં લગ્ન લલિતા અને વિજલ નામની બે સગી બહેનો સાથે થયાં. તેજપાળ અનુપમાદેવી અને સુહડાદેવી નામે બે કુમારિકાઓને પરણ્યો. માતાપિતા આ સહુની સરખી જોડી જોઈને આનંદ પામ્યાં. હવે પોતાની અવસ્થા થયેલી હોવાથી તેઓ ધર્મકાર્યમાં વિશેષ ધ્યાન આપવા લાગ્યાં.

: ૩ :

# પહેલું યુદ્ધ

'પિતાજી, આજે શા વિચારમાં મગ્ન છો ?'

'કાંઇ નહિ પુત્રો ! આજે મારી અવસ્થાનો મને અફસોસ થાય છે ! જો આજે આ હાથમાં જુવાનીનું ખમીર હોત તો—'

'પણ એવું શું કામ પડયું છે ? આપની દરેક જાતની આજ્ઞા ઊઠાવવા અમે ખડા પગે તૈયાર છીએ. પિતાજી ! જરાપણ સંકોચ રાખ્યા વિના અમને જણાવો.'

'વસ્તુપાળ ! વાઘેલા લવણપ્રસાદનો કાગળ લઇને એક દૂત હમણાં જ આવ્યો છે. તે જણાવે છે કે એક વખત જે ગૂજરાતના સૈનિકો પોતાના ઘોડાઓને ગંગા, સિંધુ અને તુંગભદ્રાના પાણી પાતા, જે ગૂજરાતના મહારાજાને અઢાર દેશના રાજાઓ સલામ ભરતા તે ગૂજરાત પર એક યવન રાજા રાજ્ય ચલાવી રહ્યો

છે. માતા ગુર્જરીનો કોઇ પણ પનોતો પુત્ર આ સ્થિતિ કેમ સાંખી શકે ? આથી ગુર્જરાધિપતિ સોલંકીવંશ–ભૂષણ મહારાજા ભીમદેવનો વિજયડંકો ફરીથી વગાડવા અમે તૈયાર થયા છીએ. એથી દરેક માતૃભૂમિના વફાદાર સામંતસરદારને અમારું આમંત્રણ છે કે તેમણે પોતાના સૈનિકો સાથે ખાનગી રીતે અમને આવી મળવું. વસ્તુપાળ ! આ શરીરની અસ્વસ્થતા આજે મને રૂંવે રૂંવે ડંખે છે ! '

' પણ પિતાજી ! હું અને તેજપાળ આપણી ટુકડી લઇને એમની સેવામાં હાજર થઈશું. અમને યુદ્ધે ચડવાનો ઘણો શોખ છે જે આજ સુધી પૂરો થયો નથી. તો કૃપા કરીને અમને જવા દો. '

એવામાં તેજપાળ પણ ત્યાં આવી ચડયો. વસ્તુ-પાળે તેને બધી હકીકતથી વાકેફ કર્યો અને બંને ભાઈઓ પિતાની સંમતિ માગવા લાગ્યા.

આસરાજની ઇચ્છા એવી હતી કે પુત્રોને એક વખત સાથે લઇ જઇને યુદ્ધની તાલીમ આપવી પણ આજે વિના અનુભવે તેમને એકલા મોકલવાનો પ્રસંગ ઊભો

થયો હતો તેથી દુઃખ થતું હતું. છતાં એ દુઃખનો ભાવ દબાવી તેમણે પુત્રોને પાટણ જવામાં સંમતિ આપી.

વસ્તુપાળ અને તેજપાળે ઝડપથી બધી તૈયારીઓ કરી લીધી અને પોતાના ચુનંદા સૈનિકોની ટુકડી લઈ તેઓ પાટણ ભણી વિદાય થયા.

આ વખતે પાટણમાં વાઘેલા લવણપ્રસાદ અને તેનો પુત્ર વીરધવળ મહારાજા ભીમદેવને પાછા ગાદી પર લાવવા માટેના યુદ્ધની વિચારણા ચલાવી રહ્યા હતા, તેમાં વસ્તુપાળ અને તેજપાળ જઈ મળ્યા. બંને ભાઇઓની બુદ્ધિ ને બાહોશી જોઇ લવણપ્રસાદ અને તેના પુત્રને બહુ આનંદ થયો.

કેટલીક મસલત પછી છેવટે એકીમતે નક્કી થયું કે—' પાટણનો મુસલમાન કિલ્લેદાર એશઆરામમાં પડી ગયો છે. માટે બે અગ્રેસરોએ જઇને મહારાજાની ભાળ કાઢી તેમને મનાવીને પાછા લાવવા. આ વખતે બીજા સરદારોએ લશ્કર

તૈયાર રાખવું ને મહારાજા આવતાં પાટણના ગઢપર હલ્લો કરવો.'

બીજે દિવસે ભરભાંખળે વાઘેલો લવણપ્રસાદ અને તેનો પુત્ર વીરધવળ મહારાજા ભીમદેવને પાછા લાવવા ઘોડેસવાર થઇ રવાના થયા.

મહારાજા ભીમદેવ છેલ્લી હારથી ઉદાસીન થઈ ગયા હતા. તેઓ પાટણથી થોડે દૂર મંદિરમાં સંન્યાસીને વેશે રહેતા હતા. જોતજોતામાં બંને ઘોડેસવાર દેવાલયની નજીક જઈ પહોંચ્યા.

પૂજા કરવા વહેલો જાગેલો પૂજારી ઘોડાના ડાબલા સાંભળી બહાર આવ્યો. ઝાંખા ઝાંખા તેજમાં પણ એણે આવનારાઓને ઓળખી લીધા. એ નીચો નમ્યો ને બે હાથે પ્રણામ કર્યા.

'સંન્યાસીજી જાગ્યા છે કે?' ઘોડેથી નીચે ઉતરતાં એક જણે પ્રશ્ન કર્યો.

'હા, જી' પૂજારી ફરી નમ્યો. 'હમણાં જ તળાવકાંઠે સ્નાન કરવા પધાર્યા છે.'

'વારુ' કહી બંને જણાએ શિવની મૂર્તિને નમસ્કાર કર્યા અને તળાવ તરફ ચાલ્યા. તળાવમાં એક સુદૃઢ બાંધાનો પુરુષ સ્નાન કરી રહ્યો હતો. એનું વિશાળ કપાળ તથા માંસલ શરીર પહેલી જ તકે જોનારના મનનું આકર્ષણ કરતા હતા.

'મહારાજ! નમસ્કાર!'

'કોણ?' સ્નાન કરતો સંન્યાસી અટકી ગયો. એણે પાછા ફરીને દૃષ્ટિ કરીઃ 'કોણ લવણપ્રસાદ? કોણ વીરધવળ? અત્યારે કેમ?'

'મહારાજ! બીજું શું કામ હોય? મહારાજા ભીમદેવને પાટણની ગાદીએ બેસાડવા માટે લઇ જવા આવ્યા છીએ.'

સંન્યાસીએ નાકે આંગળી ધરી અને ચૂપ રહેવા સૂચના કરતાં કહ્યુંઃ

'વીર પુરુષ! એ નામ ન બોલ. વા પણ વાત લઈ જશે અને મારી શાંતિમાં ખલેલ પડશે. મારે હવે ગાદી નથી જોઈતી.'

'મહારાજ ! હવે તો એ નામના જયધ્વનિથી આકાશ ગાજી ઊઠશે, યવનો ધ્રૂજવા લાગશે અને રજપૂતોમાં શૂરાતન પ્રગટશે ! તમારી શાંતિમાં ખલેલ પાડવા જ આવ્યો છું.'

વૃદ્ધ પુરુષ અટકયો. તેણે ખોંખારો ખાધો અને કહ્યું: 'રાજાધિરાજ ! પાટણપતિ ! બેવડા જયંતસિંહ કાંઈ કરી શકે તેમ નથી. બધા સામંતો તૈયાર છે. સૂર્ય આગળ આગિયાનું ચાલે તો આપના સામંતો આગળ જયંતસિંહનું ચાલે.'

'લવણપ્રસાદ ! મેં ગૂજરાતના કહેવાતા નાથે ભોળપણમાં ગૂજરાતનું શુભ કરવાના બદલે સત્યાનાશ કાઢયું. હવે તેને વધારે અનાથ કરવા મારે નથી આવવું. મને હવે શાંતિમાં અહીંજ રહેવા દો !"

'મહારાજ ! આ શું બોલો છો ? સોલંકીના મુખમાં આ શબ્દો શોભે ? ચાલો હવે વિલંબ ન કરો. હું બીજી વાત સાંભળવા નથી માગતો.'

લવણપ્રસાદની વફાદારી આગળ મહારાજાની બધી આનાકાની નિષ્ફળ ગઈ અને અંતે તેઓ પાટણ જવા તૈયાર થયા.

થોડીવારમાં ત્રણ ઘોડેસવારોએ ત્યાંથી પાટણની દિશામાં ઘોડા મારી મૂકયા. રસ્તામાં યોજના મુજબ તૈયાર રહેલું લશ્કર તેમને મળ્યું. બધાએ મહારાજાને ગગનભેદી જયનાદોથી વધાવી લીધા.

બાલસૂર્ય પાટણના ગઢ માથે પોતાના કિરણો પ્રસારી રહ્યો હતો એ વખતે એકાએક સોલંકીનાં નિશાન ફરકયાં અને લશ્કરી નોબતો જોરથી ગડગડવા લાગી. કુતૂબુદ્દીને મૂકેલો સુબો સંગીત અને શરાબની લહેરમાં બધું ભૂલી ગયો હતો. એણે જાગીને જોયું તો એકે રસ્તો હાથમાં રહ્યો ન હતો. તે નાસી છૂટયો.

વસ્તુપાળ અને તેજપાળે આ લડાઈમાં ઘણું પાણી બતાવ્યું. મહારાજા એ જોઇ બહુ ખુશ થયા.

મહારાજા ભીમદેવ ફરીથી ગાદી પર આવવાથી લોકોએ માન્યું કે આપત્તિની અમવાસ્યા વહી ગઈ અને સુખની પૂર્ણિમાનો ઉદય થયો.

આ પ્રસંગે એક દબદબાભર્યો રાજદરબાર ભરવામાં આવ્યો. એમાં લવણપ્રસાદની ખૂબ પ્રશંસા કરવામાં આવી અને તેને મહામંડળેશ્વરનો ખિતાબ

તથા ધોળકા ગામ ઈનામમાં આપવામાં આવ્યાં. મહારાજાને એકે પુત્ર નહિ હોવાથી કુમાર વીરધવળને યુવરાજ બનાવવામાં આવ્યો. વસ્તુપાળ અને તેજપાળને પણ યોગ્ય ઈનામો મળ્યાં. આ ઉપરાંત પાટણના ગઢ અને સેનાને મજબૂત કરવાની આજ્ઞાઓ અપાઈ અને નવા અધિકારીઓની નિમણુક થઇ.

લોકોમાં આનંદ આનંદ થઇ રહ્યો પણ જીવનના અનેક તડકાછાંયા જોઇ ચૂકેલા મહારાજાનું મન હવે રાજ્યકારભારમાં બહુ ન લાગ્યું. ચિત્તવૃત્તિ ધર્મકાર્ય પ્રત્યે રહેવા લાગી. પરિણામે પાટણનો મહિમા પહેલા જેટલો ન જ વધ્યો.

: ૪ :

# વતનત્યાગ

કેટલીક વસ્તુનો પ્રથમ અનુભવ એટલો બધો અસરકારક હોય છે કે મનુષ્ય જીંદગીપર્યંત તેને ભૂલી શકતો નથી. બરફના પહાડો, વિશાળ રણો, ઘુઘવતો સાગર અને પ્રચંડ યુદ્ધનું પ્રથમ દર્શન મનુષ્યના મન પર બહુજ અસર કરે છે.

વસ્તુપાળ–તેજપાળે ઘેર આવી પિતા આગળ એ યુદ્ધનું રસભર્યું વર્ણન કર્યું અને મિત્રો પાસે પણ એજ વાત છેડી. આ યુદ્ધે તેમનામાં પ્રચંડ આત્મવિશ્વાસ ઉત્પન્ન કર્યો હતો.

થોડા દિવસ પછી મંત્રી આસરાજ શત્રુંજય તીર્થની છેલ્લી યાત્રાએ નીકળ્યા. કારણ કે હવે તેમનું શરીર બહુ ચાલતું ન હતું. એ વખતે વસ્તુપાળ–તેજપાળ તથા બીજા ભાઇઓ પણ સાથે ચાલ્યા અને બહુજ ભાવપૂર્વક એ યાત્રાની પૂર્ણાહુતિ કરી.

એ યાત્રામાંથી પાછા ફર્યા પછી થોડા જ દિવસે મંત્રી આસરાજ સ્વર્ગવાસ પામ્યા ને તે પછી થોડે દિવસે મોટાભાઈ મલ્લદેવનું ભરજુવાનીમાં મૃત્યુ થયું. તેમના આખા કુટુંબમાં શોકનું વાદળ છવાઇ ગયું. આ ઘા દિવસો સુધી ન રુઝાયો.

આખરે એક દિવસ વસ્તુપાળે માતા આગળ પ્રસ્તાવ કર્યો: 'માતા ! આ ઘરની પ્રત્યેક વસ્તુ મારા પિતાજીનું સ્મરણ કરાવે છે. અહીંના દરેક સ્થાન તેમની જ પુનઃ પુનઃ યાદ આપે છે. આથી આપણું હૈયું હાથ રહેતું નથી. આમ શોકમાં દિવસો પસાર કરવા કરતાં ચાલો, કોઇ એવા સ્થાનમાં જઇએ જ્યાં મનને કાંઈ સ્વસ્થ રાખી શકીએ.'

માતાને પણ આ વિચાર ઠીક લાગ્યો. એથી બધા વહાલું વતન છોડી થોડે દૂર આવેલા મંડલિકપુર (હાલનું માંડળ)માં રહેવા ગયા. એ વખતે મંડલિકપુર વેપાર–રોજગારનું જબ્બર મથક હતું.

કળાકાર અને વીરપુરુષોને અજાણ્યું સ્થળ પણ લાભદાયી નિવડે છે. તેઓ જ્યાં જાય છે ત્યાં સૂર્યની પેઠે ઝળકી ઊઠે છે. વસ્તુપાળ અને તેજપાળે અહીં

જોતજોતામાં પોતાનો વેપાર જમાવી દીધો અને થોડાજ વખતમાં શહેરના આગેવાનોમાં ગણાવા લાગ્યા.

એવામાં મોટા ભાઈ લુણિગ પાછળ એક પુત્ર મૂકી મરણ પામ્યો. ફરી એકવાર આખું કુટુંબ શોકમાં ગરકાવ થયું. આ પછી કુમારદેવી પણ થોડા જ વખતમાં પતિ–પુત્રના વિયોગે મૃત્યુ પામ્યાં. આવા ઉપરાઉપરી મરણોથી વસ્તુપાળ–તેજપાળની મનોદશા બહુજ વ્યગ્ર બની ગઇ. પ્રતિક્ષણે માતાપિતા તથા વડીલ બંધુ સાંભરવા લાગ્યા. એક કવિએ સાચુંજ કહ્યું છે કેઃ–

"તારા, તરણાં, ભોંરતિયાં, સમદર લેરાં ચાર;
દિલ સાજણિયાં સાંભરે, દિલમાં ઈતી વાર."

[ આકાશમાં જેટલાં તારાં છે, પૃથ્વી પર જેટલું ઘાસ છે, ભોંય પર જેટલાં રેતીનાં કણ છે અને સમુદ્રમાં જેટલી લહેરો ઊઠે છે તેટલી વાર સ્નેહી માણસોનું સ્મરણ થાય છે. ]

આ અરસામાં એ નગરમાં નરચંદ્રસૂરિ નામના એક મહાન જૈનાચાર્ય પધાર્યા. આ ભાઈઓ તેમના

દર્શનાર્થે ગયા અને વિનીત ભાવે તેમનો ઉપદેશ સાંભળ્યો. સંત પુરુષોની વાણી ચંદનના લેપ સમાન શીતલ હોય છે. ગમે તેવા સંતપ્ત મનને પણ શાંતિ ઉપજાવે છે. વસ્તુપાળ અને તેજપાળનું મન પણ એ ગુરુવાણી સાંભળી કંઇક અંશે શાંત થયું. ગુરુએ આ વીર યુવાનોના મુખ પર શોકની છાયા જોઈ વૃત્તાંત પૂછયો એટલે બંને ભાઈઓએ ટપકતી આંખે સ્વજનના વિયોગની વાત કહી.

ગુરુએ તેમને સંસારનું સ્વરૂપ સમજાવી આશ્વાસન આપ્યું અને શોકનું નિવારણ કરવા શત્રુંજયની યાત્રાર્થે સંઘ સહિત જવાની સૂચના કરી. બંને બંધુઓએ એ સૂચનાનો સહર્ષ સ્વીકાર કર્યો.

એ વખતે પગપાળા કે રથ–ઘોડા પર મુસાફરી થતી અને દૂરના પ્રદેશમાં એક બે વ્યક્તિઓને એકલા જવું બહુ મુશ્કેલ પડતું. વળી સામાન્ય માણસો લાંબા પ્રવાસનો ખર્ચ ઉઠાવી શકતા નહિ. આથી સંઘ કાઢીને યાત્રા કરવામાં બહુ પુણ્ય મનાતું અને તેમાં ખરચેલા દ્રવ્યનો ભારેમાં ભારે સદુપયોગ થયેલો ગણાતો.

વસ્તુપાળ–તેજપાળ આ વખતે ઠીક ઠીક પૈસાદાર થયા હતા અને આ રીતે પૈસો ખરચવાની તક મળી એથી બહુ આનંદિત થયા.

પ્રવાસ માટે સઘળા પ્રકારની તયારીઓ થઈ ગઈ. હજારો સાધુ સાધ્વી તથા શ્રાવક–શ્રાવિકા એ સંઘમાં જોડાયા. શુભ દિવસે પ્રસ્થાન કર્યું.

આ સંઘમાં આ બંધુબેલડીએ દરેક યાત્રાળુની બહુ જ ભક્તિથી સેવા કરી. તેથી એમનું નામ ચારે દિશામાં પ્રખ્યાત થઈ ગયું.

: ૫ :

# રાજસેવામાં

'ભાઈ! આ કયા રાજાની જાન ઉતરી છે?'

ધવલક (ધોળકા) નગરના પાદરમાં એક રથમાં બેઠેલ રાજપુરોહિત સોમેશ્વરદેવે સારથિને પ્રશ્ન કર્યો.

'સ્વામી! એ કોઈ રાજાની જાન નથી પણ માંડલના ધર્મવીર વસ્તુપાળ અને તેજપાળ નામના બે ભાઈઓ શત્રુંજય તીર્થની યાત્રા માટે સંઘ કાઢીને ગયા હતા તેઓ ત્યાંથી પાછા ફરતાં અહીં વિસામો લેવા રોકાણા છે.'

ધોળકા શહેરના પાદરમાં સેંકડો તંબુ તણાયા હતા. એક તરફ હાથીઓની હાર લાગી ગઈ હતી. હજારો બળદ ચારે કોર ચરી રહ્યા હતા. રથનો પાર નહોતો. ગાડાંઓનો શુમાર નહોતો. સાથે ચોકીદાર તરીકે આવેલા ઘોડેસવારો ઘોડાઓને પાસેના

મેદાનોમાં ચરતા છૂટા મૂકી ભોજન આદિમાં રોકાયા હતા. સંઘમાં આવેલ સર્વે જલદી નિવૃત્ત થવાની ધમાલમાં હતા. સંઘપતિ શ્રી વસ્તુપાળ તથા તેજપાળ પણ ભોજન વગેરેથી પરવારી રાજદરબારમાં ભેટ ધરવા માટે જવાની તૈયારી કરતા હતા.

રાજપુરોહિત સોમેશ્વરદેવને મંત્રી આસરાજ સાથે ઘણો પરિચય હતો. મહારાજા ભીમદેવના દરબારમાં બન્ને ઘણીવાર મળ્યા હતા અને કેટલીયે રાજરમતો ઉપર ચર્ચા ચલાવી હતી. વસ્તુપાળ અને તેજપાળની પણ તેમણે ઘણી પ્રશંસા સાંભળી હતી. સોમેશ્વરદેવને વિચાર થયો કે જો આ બન્ને ભાઈઓ રાજની સેવામાં રહે તો ઘણું સારું થાય ! આ વિચારથી તેઓ બન્ને સંઘપતિ ભાઈઓને મળ્યા.

વસ્તુપાળ અને તેજપાળે તેમનું બહુ આદરભાવથી સન્માન કર્યું. બન્ને વચ્ચે કેટલીયે વાતો થઈ. સોમેશ્વરદેવે જૂના કાળની યાદ તાજી કરી અને વીરધવળ વાઘેલાને મળવા માટે ખાસ આગ્રહ કર્યો. બહુ જ પ્રેમપૂર્વક બધા છૂટા પડયા.

રાજપુરોહિત સોમેશ્વરદેવ ત્યાંથી સીધા રાજદર-

બારમાં ગયા અને વીરધવળને જાહેર કર્યું કે ‘ સ્વામી ! જે રત્નોની શોધમાં આપ હતા તેજ રત્નો ગામને પાદર આવ્યાં છે. એની પરીક્ષામાં જો જો ભૂલ ખાતા ! ’

મહારાજા ભીમદેવનો કારભાર દિનપ્રતિદિન નબળો પડતો હતો. લવણપ્રસાદ તથા વીરધવળે ધોળકાને મજબૂત બનાવવા માંડયું હતું ને શત્રુઓ ગૂજરાતમાં પેસી ન જાય તેની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવતી હતી. આ વખતે તેમની લાગવગ એટલી બધી વધી ગઈ હતી કે ધારે તો તેઓ ગૂજરાતની ગાદી મેળવી શકે પણ તેમ કરતાં તેઓને ભીમદેવ પ્રત્યેની વફાદારી રોકતી હતી. અત્યારે ગૂજરાતને એક બળવાન રાષ્ટ્ર બનાવવાના મનોરથમાં તેઓ મશગૂલ હતા.

રાણો વીરધવળ અને એનો વૃદ્ધ પિતા લવણપ્રસાદ આ સમાચાર સાંભળી બહુ ખુશી થયા અને બન્ને ભાઇઓના આવવાની રાહ જોવા લાગ્યા. બરાબર મધ્યાહ્નના સમયે વસ્તુપાળ અને તેજપાળ હાથમાં કિંમતી ભેટ લઈને રાજદરબારમાં આવ્યા અને રાણાને નમસ્કાર કરી તેની આગળ ભેટ ધરી. રાણા વીરધવળે અને વૃદ્ધ પિતાએ બન્ને ભાઇઓનું ખૂબ સ્વાગત કર્યું અને કુશળસમાચાર પૂછયા.

આ પછી કેટલીક વાતચીત થઇ. રાણાજી અને વૃદ્ધ લવણપ્રસાદ પાસે અત્યારે સોમેશ્વર કવિ પણ હાજર હતા. આ ત્રણે જણ સાથે બંને ભાઇઓએ રાજપ્રકરણ, ધર્મપ્રકરણ અને સમાજજીવન એમ અનેક વિષયો ઉપર વાર્તાલાપ કર્યો.

રાણો વીરધવળ તેમ તેજસ્વી મુખમુદ્રા, કદાવર દેહ અને બુદ્ધિ ચાતુર્યવાળી વાતોથી મુગ્ધ થઈ ગયો. રાણાએ તે બન્ને ભાઇઓને પાટણમાં પહેલવહેલા જોયા હતા પણ તેમનામાં આટલી શકિત હશે તેની પૂરી કલ્પના આવી નહોતી. આ વખતે રાણાએ તક જોઈને બન્ને ભાઇઓને રાજકાજમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું.

વસ્તુપાળ અને તેજપાળ બન્નેને રાજકારણમાં બહુ રસ હતો. તેમને આ તક સુંદર લાગી પણ રાણાની વધુ ખાતરી કરી લેવા કહ્યું:–

‘ રાજન્ ! રાજસેવા કરવામાં અમને કોઈને વાંધો નથી પણ જમાનો વિચિત્ર છે. સેવકોમાં દહાડે દહાડે ભકિત ઓછી થતી જાય છે ને રાજાઓમાં કદર કરવાની શકિત હણાતી જાય છે. રાજાઓ લોભથી અંધ થયેલા છે ને તેવાજ નોકરને ચાહે છે. નોકર પણ પ્રજાને

રંજાડી રાજાનું મન રંજન કરે છે. આમાંથી બન્નેનો વિનાશજ જન્મે છે. માટે હંમેશાં સંસારમાં નિંદા ન થાય અને સ્વર્ગમાં બાધ ન આવે એવું કાર્ય કરવું ઉચિત છે. અમો આપની સેવામાં રહીએ અને કોઈ વખત અમારા ઉપર અવિશ્વાસ આવે તો અમારી પાસે અત્યારે જે ત્રણ લક્ષ દ્રવ્ય છે તે સહિત અમને રજા આપવી. અમારાં ઘરબાર લુંટવાં નહિ. '

રાણો વીરધવળ અને આખી સભા આ બુદ્ધિમાનોની વાતો પર ફીદા થઈ ગઇ હતી. રાણાએ સહુ કોઇ સાંભળે તેવા અવાજે કહ્યું.

' સૂર્યચંદ્રની શાખે તમારી શરતો મને મંજુર છે. '

એ સાંભળી બન્ને ભાઇઓએ મસ્તક નમાવ્યાં અને રાણાએ એજ વખતે વસ્તુપાળને ખંભાત અને ધોળકાનો ઉપરી બનાવ્યો તથા તેજપાળને સેનાપતિપદ આપ્યું.

આખા રાજ્યમાં સહુ નવા અધિકારીઓ માટે અવનવા તર્કવિતર્કો કરવા લાગ્યા.

: ૬ :

# મંત્રીધર્મ

ભાદરવો ખૂબ વરસીને વહી ગયો હતો. ધવલકપુરનાં ( ધોળકા ) તળાવો અત્યારે ફાટફાટ થઇ રહ્યાં હતાં. શહેરની ચોતરફ ખેતરોમાં લીલાછમ મોલ ઊભા હતા.

આસો મહિનાની શરદપૂર્ણિમા યે વહી ગઈ હતી. રાજઉદ્યાનમાં હવે તો શરદઋતુનાં ફૂલો ખીલવાં શરુ થયાં હતાં.

રાણો વીરધવળ મંત્રીશ્વર વસ્તુપાળ સાથે અહીં ફરી રહ્યો હતો. વીર તેજપાળ પણ સાથે જ હતા. બન્ને વીર બાંધવોને રાજ્યની સેવામાં રહ્યા બહુ થોડો વખત થયો હતો પણ રાણાનું અને બધી પ્રજાનું મન તેમણે જીતી લીધું હતું. ન્યાયપૂર્વક પ્રજાનું પાલન અને દરેક ધર્મવાળા તરફ સરખી પ્રીતિ વગેરે ગુણોથી તેઓ બધાને આકર્ષી શક્યા હતા.

રાણો વીરધવળ ધીરે ધીરે એક હોજ પાસે આવી પહોંચ્યો. આ હોજમાં એક સારસનું જોડકું રાખવામાં આવ્યું હતું. કિનારો શંખ અને કિંમતી છીપોથી બાંધવામાં આવ્યો હતો. તેની પાસે જ એક સંગેમરમરનું વિરામાસન બનાવેલું હતું. રાણો વીરધવળ એના પર બેઠો અને વસ્તુપાળ તથા તેજ-પાળ પાસેના આસનો પર બેઠા.

'રાણાજી! શરદઋતુ આવી ગઈ. દીવાળી પૂરી થઈ કે તરત નવા વર્ષ માટે કામ નક્કી કરી લેવાં જોઈએ.' મંત્રી વસ્તુપાળે વાત શરુ કરી.

'અત્યારથી આટલી ચિંતા શા માટે?' રાણાએ પ્રશ્ન કર્યો.

'રાણાજી! ચિંતા કરવી જરુરી છે. નવું સૈન્ય વધતું જાય છે પણ તીજોરીમાં હજી નાણાં નથી. બીજી તરફ માંડિળક રાજાઓ ખંડણી મોકલતા નથી. આ બેનો ઉપાય શોધવાની જરુર છે.' મંત્રી વસ્તુ-પાળે વધુ ખુલાસો કર્યો.

'પણ પૈસાને ખાતર પુત્ર સમ પ્રજાને રંજાડતાં મને દુઃખ થાય છે.' રાણાએ પોતાનો પ્રજાપ્રેમ જાહેર કર્યો.

'રાણાજી! અમે પણ એ વાતથી તદ્દન વિરૂદ્ધ છીએ. જે મંત્રીઓ પ્રજાને રંજાડી, અન્યાય ચલાવી, રાંક પ્રજાની આંતરડી કકળાવી ખજાનો ભરે છે એ મંત્રી નથી પણ પ્રજાનો અને રાજાનો કટ્ટો વૈરી છે. કારણ કે એક મંત્રીના અધર્મથી રાજા અને પ્રજા વચ્ચેનો સ્નેહ સંબંધ તૂટી વૈરભાવ બંધાય છે. મારું કહેવું કેવળ પ્રજાના પૈસે તાગડધિન્ના કરતા માંડલિક રાજાઓને વશ કરી ખંડણી વસુલ કરવા માટે છે.' મંત્રીશ્વર વસ્તુપાળે પોતાની વાતને સ્પષ્ટ કરી.

'અને રાણાજી!' વીર તેજપાળે પોતાનો અભિપ્રાય આપતાં કહ્યુંઃ 'શરદઋતુ એ ખરો યુદ્ધનો કાળ છે, કારણ કે આ કાળે નદીઓ શાન્ત અને પૂર વગરની હોય છે, માર્ગ સ્વચ્છ હોય છે, તળાવો ભરેલાં હોય છે. હવા પણ સુંદર અને દિવસો વાવંટોળ કે આંધી વગરના હોય છે. સૂર્યનો તાપ પણ ઓછો પડે છે ને આકાશ સ્વચ્છ હોય છે. માટે યુદ્ધની તૈયારી જલદી થવી ઘટે.'

'બહુ સારું મારા વીર મંત્રીઓ! હું તૈયાર છું, ચાલો પ્રથમ સોરઠ પર ચઢાઈ કરીશું. વામનસ્થળીના

ઉચ્છૃંખલ રાજા ચામુંડની સાથે મારે જૂનું વેર છે.' રાણાએ પોતાનો નિશ્ચય જણાવ્યો.

'રાણાજી! ચામુંડ ઉપર ચઢાઇ? આપના સાળા ચામુંડ પર ચઢાઈ? રાણી જયલતાના ભાઇ ઉપર? અમે કંઈ સમજી શકતા નથી.' બંને મંત્રીવરોએ પ્રશ્ન કર્યા.

'મંત્રીવરો! એજ ચામુંડ ઉપર ચઢાઈ લઈ જવાની છે. કુમરાવસ્થામાં એણે રાણી જયલતા સામે મારું અપમાન કર્યું હતું. એ અપમાન મારા દિલમાં હજીયે શૂળની માફક ભોંકાય છે. તેમજ હાલમાં એ ખંડણી ભરતો નથી, સ્વચ્છંદી અને ઉચ્છૃંખલ બની મારી સત્તાનું પણ અપમાન કરે છે.' રાણાએ પોતાના હૃદયની વરાળ કાઢી.

'જેવી આજ્ઞા' કહી મંત્રીવરોએ રાજદૂતને બોલાવી યુદ્ધનો પેગામ મોકલી આપ્યો.

કેટલીક વાતચીત પછી રાણો નિત્યકર્મથી પરવારી તૈયાર થવા ચાલ્યો ગયો.

: ૭ :

# સોરઠ પર ચડાઈ

યુદ્ધનો પેગામ લઇને ગયેલો રાજદૂત પાછો આવી ગયો હતો. વામનસ્થળી ( વંથળી ) ના રાજા ચામુંડે નમ્ર થવાને બદલે ઉદ્ધતાઇ બતાવી હતી. રાણા વીર-ધવળને આ ઉદ્ધતાઇ હાડોહાડ વ્યાપી ગઈ. તેણે મંત્રીશ્વર વસ્તુપાળને બધો રાજકારભાર સોંપી વીર તેજપાળને સેનાપતિ બનાવ્યો અને યુદ્ધ માટે નીકળી પડયા. ઝડપથી કૂચ કરતા તેઓ વામનસ્થળીની નજીક આવી પહોંચ્યા.

પ્રભાતે સૂરજ મહારાજે વામનસ્થળી માથે કોર કાઢી કે બન્ને તરફથી યોદ્ધાઓ રણભૂમિ પર હાજર થઈ ગયા. એક તરફ ચામુંડ અને તેનો વીર ભાઈ સાંગણ સેનાપતિ થઇ મોખરે ઊભા હતા, જ્યારે બીજી તરફ

તેજપાલ અને રાણા વીરધવળ હતા. બન્નેંની સેના પરસ્પર ભેટી અને ભયંકર યુદ્ધ જામ્યું.

બન્ને તરફના લડવૈયાઓ એક બીજાથી ઓછા ઉતરે તેમ ન હતા. સાંગણ અને ચામુંડ રાણાની નજીક આવી પહોંચ્યા. રાણાએ ચામુંડ અને સાંગ-ગણને જોયા અને આંખમાંથી અંગારા ઝરવા લાગ્યા. સાંગણે લાગ જોઈ ભાલાનો ઘા કર્યો પણ રાણાએ ઘોડાને પલટાવી નાંખ્યો. સાંગણનો ઘા ખાલી ગયો.

રાણો વીરધવળ ખૂબ ઉશ્કેરાયો ને એણે તલ-વારનો એક જબરો ઝટકો લગાવ્યો. સાંગણને બરોબર જનોઇવટ તલવાર ઉતરી ગઈ. સાંગણ પડયો, પણ પડતાં પડતાં એણે રાણા ઉપર તલવારનો છુટો ઘા કર્યો.

રાણાને અને મોતને બે ઘડીનું છેટું હતું પણ રાણાની કાયાને સાચવવા પાછળ જ વીર તેજપાળ તૈયાર હતો. એણે પોતાની તલવારથી આવતી તલ-વારને ઝીલી ને બન્ને તલવારો ટૂકડા થઈ જમીન પર પડી.

સાંગણને નિષ્પ્રાણ થયેલો જોઈ વામનસ્થળીની સેના નિરાશ બની પણ બરાબર એજ સમયે ચામુંડ

કારમી કિકિયારી કરતો ધસી આવ્યો. ફરીથી યુદ્ધનો રંગ જામ્યો.

સેનાપતિ તેજપાળનું વીરત્વ અજબ હતું. રાણાની કાયાને સંભાળતાં, પોતાના શરીરનું રક્ષણ કરતાં એને લડવાનું હતું. સામે ચામુંડનો ધસારો ખૂબ ભયંકર હતો પણ વીર તેજપાળની તલવાર વીજળીવેગે ઘૂમી રહી હતી. ગાજરમૂળાના ખેતરની જેમ સેનાને વિદારી નાંખતો વીર તેજપાળ આગળ વધ્યો.

ચામુંડ પણ શૂરે ચઢયો હતો. વીર તેજપાળ અને રાણાની સામે એણે એકલે હાથે બાથ ભીડી. લડાઈ બરાબર જામી પણ ચામુંડ એકલો હતો તેમજ ઘાયલ થયેલો હતો. આખરે એ ધરણી પર ઢળી પડયો. નાયક વિનાની સેના વિખરાઈ ગઇ અને વામનસ્થળીને માથે રાણા વીરધવળની આણ વર્તાઈ.

પણ આ તો પાશેરામાં પહેલી પૂણી હતી. હજી તો આખું સૌરાષ્ટ્ર સર કરવાનું હતું. ચામુંડનું રાજ્ય ચામુંડના પુત્રને સોંપી, વીર સેનાપતિ તેજપાળ સાથે રાણાએ આગળ કૂચ શરુ કરી.

વામનસ્થળીના વિજયથી રાણાની ધાક ચોમેર ફેલાઇ ગઇ. કહેવાય છે કે રાણાને વામનસ્થળીમાંથી ૧૦ કરોડ સોનામહોર, ૧૪૦૦ કેળવાયેલા ઘોડા અને ૫૦૦૦ સામાન્ય ઘોડા મળ્યા હતા.

અહીંથી રાણો વીરધવળ, સેનાપતિ તેજપાળ સાથે કેટલાય ખંડિયા રાજાઓને વશ કરતો શત્રુંજય તીર્થમાં થઈને ગિરનાર તથા સોમનાથ પાટણ ગયો. સેનાપતિ તેજપાળે સોમનાથના મંદિરને એક લાખ સોનામહોર ભેટ ધરી. અહીંથી દીવબંદર, તળાજા વગેરે સ્થળે થઇ તેઓ વિજયી સેના સાથે કૂચ કરતાં કરતાં ધોળકા પાછા ફર્યા.

: ૮ :

# ઘમંડી ઘૂઘલરાજ

“ઈશ્વરે રાજા બનાવ્યા તે શું આવી માથાકૂટ કરવા ? પ્રધાનજી ! જાઓ, અત્યારે મને કોઈનાં દુઃખ સાંભળવાની ફૂરસદ નથી.’

સુંદર પલંગ પર લાંબો થયેલો, હોકાની લાંબી નળીમાંથી ધૂમાડા કાઢતો, મદિરાના ઘેનમાં કાચીંડાની જેમ મસ્તક ડોલાવતો, ગોધરાનો રાજા ઘૂઘલ ગરજી ઉઠ્યો.

ઘૂઘલ પ્રજાપીડક રાજા હતો. એ પોતાની રૈયતને બહુ સતાવ્યા કરતો તેમજ બમણો ચારગણો કર વસુલ કરવા માટે રાંક પ્રજા ઉપર અનેક પ્રકારના જુલમ ગુજારતો. એના રાજ્યમાં ખેડૂતો કંગાળ બની ગયા હતા અને આબરૂદાર વેપારીઓ તથા શાહસોદાગરો

એના અત્યાચારથી ત્રાસી પરદેશમાં જઈને વસ્યા હતા. એ દારૂડિયો અને વ્યભિચારી પણ એવો જ હતો. એના આ ત્રાસથી જ ખાનદાન કુળની સ્રીઓ ભાગ્યે ઘર બહાર નીકળી શકતી.

સરોવરના તીરે બાંધેલા પ્રમોદભુવનમાં રાજા ઘૂઘલ અત્યારે આરામ લઇ રહ્યો હતો. રાજનો મુખ્ય બ્રાહ્મણ પ્રધાન પાસે અદબ ભીડીને બેઠો હતો. એ પ્રાર્થના કરતો હતોઃ

'માલિક! પ્રજાનાં દુઃખ નહિ સાંભળો તો એ વિફરશે ને બળવો જગવશે.'

'બળવો જગવશે!' રાજા ઘૂઘલ ભયંકર રીતે ખડખડાટ હસી પડ્યો. 'પ્રધાનજી! ગભરાશો મા, એક પલકારમાં એ શેતાનોને કચરી નાંખીશ.'

'મહારાજ! એ ઠીક પણ ઘણી ફરિયાદો એકઠી થઈ છે. પેલા પટેલની બૈરી કોઇ ઉઠાવી ગયું છે ને તેનો આરોપ રાજસેવકો પર મૂકાય છે. પેલા શેઠના ઘરમાંથી ચોરી થઇ છે ને આરોપ ખૂદ કોટવાળ ઉપર આવે છે, ને માલીક પેલા........'

પ્રધાન હજી વાક્ય પૂરું કરે તે પહેલાં રાજા ઘૂઘલ ત્રાડી ઉઠયો.

'પ્રધાનજી ! તમને એક વખત કહ્યું કે મને અત્યારે ફૂરસદ નથી પછી શા માટે જીવ ખાઓ છો ? જાઓ, ગુનેહગારોને શોધી લાવો, હું તેમને શિક્ષા કરીશ.'

'જેવી આજ્ઞા' બ્રાહ્મણ પ્રધાન ન બોલવામાં નવ ગુણ સમજી જલદી નમસ્કાર કરી ચાલતો થયો. કોઈ વ્યાધિ શરીરમાંથી ઓછી થાય ને માણસ હાશકારો કરે તેવો હાશકારો રાજા ઘુઘલે કર્યો.

એટલામાં દાસીએ આવીને નિવેદન કર્યું કે—'ધવલક્કપુરથી રાણા વીરધવળનો કાસદ આવ્યો છે.'

'જા હાજર કર !' થોડીવારમાં રાણા વીરધવળનો કાસદ હાજર થઇ ગયો. એણે નમન કરીને સંદેશો કહેવો શરુ કર્યો :

'મહારાજા ! અમારા મહાપ્રતાપી રાણા વીરધવળે સંદેશો કહેવરાવ્યો છે કે—તમોએ કેટલાક વખ-

તથી રાજ્યને ખંડણી ભરી નથી માટે તે બધી ખંડણી આવીને ભરી જશો ને અમારી સત્તાનું સન્માન કરશો.'

ધુધલરાજ આ સંદેશો સાંભળી ખડખડાટ હસી પડ્યો. એ મૂછોના આંકડાને વળ દેતો બોલ્યો:– તારા રાણાને ખંડણી જોઇએ છે ને વળી સન્માન જોઈએ છે? ફીકર નહિ, હું જરુર સુંદર સન્માન કરીશ.' ઘૂઘલરાજ બોલતો બોલતો પાછળ ફર્યો: 'દાસી! આ દૂતને તારી કાંચળી અને કાજળની દાબડી આપ, રાણા વીરધવળનું એ સુંદર સન્માન છે.'

દાસી કાંચળી અને કાજળ લઇ હાજર થઇ. આ જોઈ વિદ્વાન ને ચતુર કાસદ બોલી ઉઠયો: 'ઘૂઘલરાજ! તમે આપ્યું ને મળી ગયું. ત્યાં લઇ જવાની જરુર ન હોય, પણ મારો સંદેશો પૂરેપૂરો સાંભળી લો! રાણાજીએ કહેવરાવ્યું છે કે જો કબૂલ નહિ કરો તો તમારી ધરતીને માથે ખારાપાટ વાવીશ.'

'દૂત! અમે જે સન્માન કર્યું તે બરાબર છે. તારા રાણાને કહેજે કે ભૂલથી પણ વાઘના મોંમા હાથ ન નાંખે!'

દૂત જરાપણ રોકાયા વગર ગોધરાથી ચાલી નીકળ્યો. ઘૂઘલરાજ હસતો હસતો આડો પડયો.

‘ મહારાજા ! ધોળકાનો રાણો પેલા બે વાણિયાના બળથી ફાટયો છે !’ પાસે બેઠેલા એક સરદારે વાત કરી.

‘ હમણાં હમણાં તો હું પણ એની ખ્યાતિ સાંભળી રહ્યો છું. એવા તે તેઓ કેવા બળિયા છે ?’ ઘુઘલરાજે જાણવાની ઈચ્છા જાહેર કરી.

‘ મહારાજ ! છે તો જબરા બળિયા ! એમનો દેખાવજ ભલભલાને આંજી નાંખે તેવો છે. મોટું વિશાળ માથું, ઊંચો પડછંદ દેહ ને ઢીંચણ સુધી લાંબા હાથ જોનારને તરતજ વશ કરી લે એવા છે. તેઓ શૂરવીર પણ તેવા જ છે. સાથે નીતિ અને ટેકવાળા પણ છે. દેવસંતોની પૂજા સેવા પણ કરનારા છે. મહારાજ ! એનું તો આખુંય કુળ ખાનદાન ને શૂરવીર છે.’ સરદારે વસ્તુપાળ અને તેજપાળ વિષે ટૂંકામાં માહિતી આપી દીધી.

'રાણો વીરધવળ તેથીજ મગરૂર બની ગયો છે! પણ જાલમ! મારા તલવારના વાર સામે ઊભા રહેવાની કોની તાકાત છે? હું એ વાણિયાઓને અને રાણાને મુશ્કેટાટ બાંધીને કારાગારમાં પૂરીશ. કેમ ખરું ને!' ઘૂઘલરાજે સરદારને પ્રશ્ન કર્યો.

'મહારાજ! સોએ સો ટકા સાચી વાત!'

ઘૂઘલ દારૂના જામ ઉપર જામ ચઢાવતો લગભગ બેભાન જેવો બની ગયો.

: ૯ :

# શત્રુપરાજય

પ્રૌઢાવસ્થાને પામેલા મંત્રીશ્વર વસ્તુપાળ તથા તેજપાળ રાજકાર્યથી શ્રમિત થઇને વિશ્રામ લઇ રહ્યા હતા. બારી વાટેથી સુંદર પવન આવી રહ્યો હતો. સામેજ સોમેશ્વર કવિ બેઠા હતા અને કાવ્યવિનોદ ચાલી રહ્યો હતો.

મંત્રીશ્વર વસ્તુપાળ કેવળ મુસદ્દી કે રણશૂર જ નહોતા. તેઓ સારા વિદ્વાન તેમજ કવિ પણ હતા. રાજકાર્યમાંથી નિવૃત્તિ મળતાં એ રસ અને અલંકારથી ભરેલાં કાવ્યો બનાવતા અને ઉત્તમ કવિઓ સાથે વાદવિવાદ પણ કરતા.

મંત્રીશ્વર વસ્તુપાળ અને તેજપાળનું જીવન બહુ સાત્વિક હતું. તેઓ જૈન ધર્મમાં અતિ શ્રદ્ધા ધરાવતા હતા પણ કદી બીજા ધર્મનું ખરાબ કે હીણું ન બો-

લતા. તેઓ જૈન મંદિરો બનાવતા, શિવાલયો પણ નિર્માણ કરાવતા, તેમજ અનેક મસ્જિદો પણ બંધાવતા. દયાળુ પણ તેવાજ હતા. પોતાની ચઢાઈ વખતે કે પ્રવાસ કે યાત્રાના સમયે માર્ગમાં જ્યાં તળાવ, ધર્મશાળા કે પરબની આવશ્યકતા જણાતી ત્યાં પોતાના દ્રવ્યથી વિશાળ ધર્મશાળાઓ, સુંદર તળાવો અને પરબો બંધાવતા. કોઇને પણ દુઃખી દેખી તેમના અંતરમાં દયાનો ઝરો વહેવા લાગતો અને બને તે રીતે તેના દુઃખ તેમજ દરિદ્રતાને ફેડવા યત્ન કરતા.

તેઓ શિક્ષણના પણ તેટલાજ રસિયા હતા. પોતાના રાજ્યમાં બધે નિશાળો ઉઘાડી હતી. ધાર્મિક ઝનુન કદી એમને પસંદ નહોતું. સૌને સરખો ન્યાય આપવો એ પોતાની પહેલી ફરજ સમજતા. તેઓ રાજ્યતંત્ર એવી સુંદર રીતે ચલાવતા કે સમસ્ત અધિકારી વર્ગ અને પ્રજાજનો મુક્તકંઠે તેમની પ્રશંસા કરતા. યુદ્ધમાં તેઓ અતિ કઠોર છતાં હૃદયના બહુ દયાળુ હતા. ઘાયલ થયેલા સૈનિકોની સેવાશુશ્રુષા તેમજ મૃત સૈનિકોના અનાથ કુટુંબના ભરણપોષણની વ્યવસ્થા બરાબર કાળજીથી કરતા હતા.

આ સમયે ધવલક્કપુરની ( ધોળકા ) હાક ચોમેર ગાજતી હતી. એની રાજયસીમા દિવસે દિવસે વિસ્તાર પામતી હતી. તેજપાળ જ્યારે યુદ્ધે ચઢતા ત્યારે બધો કારભાર મંત્રી વસ્તુપાળ સંભાળતા. કેટલી-કવાર બન્ને ભાઈ સાથે યુદ્ધે જતા પણ સામાન્ય રાજાઓ માટે તો એકજ ભાઇ પૂરતો હતો.

મંત્રીશ્વર વસ્તુપાળ તથા સેનાપતિ તેજપાળ અત્યારે ગોધ્વરા ગયેલ દૂતની રાહ જોતા સોમેશ્વર કવિ સાથે અનેક પ્રકારના વાર્તાલાપ કરી રહ્યા હતા. એટલામાં નોકરે અંદર આવીને જણાવ્યું કે ‘ ગોધ-રાથી દૂત આવી ગયો છે. ’

મંત્રીશ્વરે ઉત્સુકતાથી એને હાજર કરવા આજ્ઞા આપી. દૂતે હાજર થઇ ગોધરાના ઘૂઘલરાજનો બધો સંદેશ કહી સંભળાવ્યો. સંદેશો સાંભળીને બન્ને ભાઇઓની આંખમાંથી અંગારા ઝરવા લાગ્યા. એમણે હુકમ કર્યો : ‘ દૂત ! રાણાજીને જલ્દી નિવેદન કર, અમે તૈયાર થઈને આવીએ છીએ. ’

થોડીવારમાં મંત્રીશ્વર વસ્તુપાળ તથા તેજપાળ રાજસભામાં હાજર થયા અને રાણાજીને એ ઉદ્ધત

રાજાને શિક્ષા કરવા માટે પ્રાર્થના કરી.

રાજા ઘૂઘલ ઉદ્ધત હતો પણ બળવાન હતો. એની ગણત્રી બહાદુર રાજાઓમાં થતી અને તેથી કેટલાક રાજાઓ એની સાથે મિત્રતા જાળવી રાખતા. ઘૂઘલ સામે લડાઈ કરવી એ નાનું સૂનું કામ નહોતું. રાણા વીરધવળ એ વાત બરાબર સમજતા હતા.

પણ મંત્રીશ્વર તેજપાળ એ ફરજ બજાવવા તૈયાર હતા. તેઓએ એ માટે માગણી કરી ને રાણાએ હસતે મ્હોંયે આ લડાઈનું સેનાપતિ પદ તેમને સોંપ્યું. બીજે દિવસે મોટા લાવલશ્કર સાથે તેજપાળ વિદાય થયા.

વીર સેનાપતિ તેજપાળનું લશ્કર હજી મહી નદીનાં નીર ઉતરી નહોતું ચૂકયું ને ઘૂઘલરાજને ચડાઈની જાણ થઇ ગઈ. એ નિર્બળ કે નમાલો ન હતો. એણે જોતજોતામાં સેના એકઠી કરી લીધી અને પાણીને વેગે ધસી આવતા દુશ્મનને ખાળવા તૈયાર થઈ ગયો.

જોતજોતામાં બન્ને સૈન્યો ભેટયાં. ખૂબ રસાકસી-વાળું યુદ્ધ જામ્યું. ઘુઘલ રાજાએ એવો સખત મારો ચલાવ્યો કે વીર તેજપાળના સૈન્યના ભાગલા પડી

ગયા અને સૈનિકો નાશભાગ કરવા લાગ્યા. તેજપાળે એ ઘડી ઓળખી અને પોતાના સાત રજપૂત અંગરક્ષકો સાથે એણે સૈન્યની મધ્યમાં ઘોડા ઝૂકાવ્યા. આ આઠ જણાએ તો આખો રંગ પલટી નાંખ્યો. નાસતાં સૈન્યે પોતાના સેનાપતિનું શૂર નિહાળ્યું ને ફરીથી ભયંકર યુદ્ધ જામ્યું.

ધુધલરાજે તેજપાળને જોયો કે એની આંખમાં ખુન્નસ ભરાઈ આવી. એણે પડકારો કર્યો.


'વાણિયા! આવી જા!'

પણ વીર તેજપાળ, એ શબ્દોનો જવાબ શબ્દોથી વાળવો ઉચિત ન લાગતાં એકદમ પોતાનો અશ્વ તેની નજીક લઇ ગયો. બન્ને જીવસટોસટનો ખેલ ખેલવા લાગ્યા પણ એવામાં તેજપાળની તલવારના એકજ ઘાએ એ ઘાયલ થઇ પૃથ્વી પર પટકાઈ પડયો ને બીજીજ ક્ષણે એ કેદ થયો.

રાજાને કેદ થયેલો જાણી સેના નાસભાગ કરવા લાગી અને સેનાપતિ તેજપાળનો જય થયો. થોડી વારમાં વીર તેજપાળના સૈન્યે શહેરનો કબજો લીધો.

કાસદો વિજયના સંદેશા લઇ ધવલક્કપુર તરફ રવાના થઈ ગયા. વીર તેજપાળ માર્ગમાં બધે ખંડણી ઉઘરાવતો, રાજાઓ પાસે રાણાની આણ મનાવતો પાછો ફર્યો. લાકડાના પાંજરામાં ઘૂઘલરાજને કેદ કરી હાથી ઉપર સાથે લીધો હતો.

માર્ગમાં ઘણાં તીર્થો આવ્યાં. બધામાં વીર તેજ-પાળે ધર્મભેદ કે જાતિભેદ રાખ્યા વગર દાનપુણ્ય કર્યું. એણે વડોદરામાં આદિનાથ પ્રભુના મંદિરનો જીર્ણો-દ્ધાર કર્યો, ડભોઇના મહાદેવમાં ખૂબ કિંમતી ભેટો ધરી અને ચાંપાગઢ તથા પાવાગઢ ઉપર મંદિરો ચણાવ્યાં.



" એ કમળની પાંખડીએ પાંખડીએ અંગમરોડ દર્શાવતી પૂતળીઓ
મૂર્તિ. પૃ૦ ૮૧-૮૨

: ૧૦ :

# ઈન્સાફ

ધવલક્કપુરની શેરીએ શેરીએ ઢંઢેરો પીટાતો હતો: 'આજ બપોરની રાજસભામાં ગોધરાના અભિમાની રાજા ઘૂઘલનો ઇન્સાફ થશે તેમજ ગઈકાલે પાછા આવેલ વીર સેનાપતિ તેજપાળને સભામાં માન અપાશે.'

સમય થતાં અધિકારીઓ તથા નગરના આગેવાનો આવ્યા, ત્યારપછી છડીદારે નેકી પોકારી અને રાણા વીરધવળ પધાર્યા. સૌ પોતપોતાને સ્થાને ગોઠવાઇ ગયા પછી રાણા વીરધવળે કહ્યું:

'પ્રજાજનો ! અત્યાચારી રાજા ઘૂઘલનો પરાજય થયો છે તેમજ અત્યાર સુધીમાં બીજા તમામ માંડળિક રાજાઓને પણ હકુમત નીચે આણી ખંડણી

ભરતા કર્યા છે. સોરઠ પણ સર કરી લીધો છે. પણ આ બધાનું શ્રેય વીર શિરોમણી વસ્તુપાળ અને વીર સેનાપતિ તેજપાળને ઘટે છે. એમણે જે વફાદારી અને પ્રામાણિકતાથી રાજ્યની સેવા કરી છે તેને માટે અનેકશઃ ધન્યવાદ ઘટે છે. હું બન્ને મહારાથઓને 'સચિવ ચૂડામણિ' નું બિરૂદ અને ૨૦ ગામ ભેટ આપું છું.'

રાણાના આ શબ્દો સાંભળીને બધા પ્રજાજનોના મોં પર હાસ્યની રેખાઓ ફરી વળી. સૌના હૃદયમાં બન્ને મહારથીઓને મળેલા આ માન બદ્દલ હર્ષ જ હતો. આ પછી મહારાણાએ યુદ્ધમાં લડેલા તેમજ ઘવાયલા વીર સરદારો અને સૈનિકોને માનઅકરામ આપ્યાં તથા મરી ગયેલા લડવૈયાઓની વિધવાઓને તથા બાળકોને આશ્વાસન આપતાં જીવનનિર્વાહ માટે વ્યવસ્થા કરી આપી.

હવે સહુ કોઈ ગોધરાના રાજાના ઈન્સાફની રાહ જોતા હતા, એટલામાં રાણાએ ઘૂઘલરાજને લાવવા માટે આજ્ઞા આપી.

થોડીવારમાં લાકડાના પાંજરામાં સાંકળથી જકડાયેલ ઘૂઘલને સભામાં હાજર કરવામાં આવ્યો. પિંજરે પૂરાયેલ સરકસના સિંહ જેવી એની દશા હતી.

ઘૂઘલને પૂરેપૂરી ખબર હતી કે હવે પોતે રાજા નથી પણ ઘોર અપરાધી રાજકેદી છે છતાં તેના મુખ પરની અભિમાનની રેખાઓ જરાપણ ઓછી નહોતી થઇ. ગુસ્સામાં તેના હોઠ બીડાયેલા હતા અને લાલચોળ આંખોમાં અજબ તિરસ્કાર હતો.

'અભિમાની અને અત્યાચારી રાજા! તારા પાપનો ઈન્સાફ થવાની ઘડી આજ આવી પહોંચી છે! પાપ કરતાં કદી પરિણામની ચિંતા કરી હતી? નિર્દોષ સ્ત્રીઓનાં શિયળ લૂંટતાં કદી હૃદયમાં હાયકારો જન્મ્યો હતો? અનેક સ્ત્રીઓનાં સૌભાગ્યતિલક ભૂંસી નાંખતાં જરાયે હાથ કમકમ્યો હતો? આજ એ નિરપરાધી જીવો પાસે તારો ઇન્સાફ થાય તો શું ફેંસલો આપે? ઘૂઘલ! કંઇ પણ પશ્ચાત્તાપ થાય છે?'

રાણાના આ શબ્દો સામે ઘૂઘલે દાંત કચકચાવ્યા સિવાય કંઈ જવાબ ન આપ્યો. રાણો એને શું શિક્ષા

કરવી એનો વિચાર કરતો હતો ત્યાં મંત્રીશ્વર વસ્તુપાળે કહ્યું :

'સ્વામી ! ધૂધલને એવી શિક્ષા કરો કે પ્રતિક્ષણે એને પોતાનાં પાપોનું ભાન થાય અને એના પશ્ચાત્તાપમાં સબડયા કરે. નિઃસહાય રાજાનો વધ કરવો ઉચિત નથી. એ પાપીદેહનો નાશ કરી હાથને અપવિત્ર કરવા કરતાં એને જીવનભર પોતાના પાપોની યાદમાં સબડવા દેવો એ વધુ ઠીક છે.'

મંત્રીશ્વરના ઉદાર વચનો સાંભળી આખી સભા આશ્ચર્યચકિત થઈ ગઈ પણ રાણાને પોતાનું અપમાન ખટકતું હતું. પોતાનો ક્ષત્રિય સ્વભાવ આમને આમ શત્રુને કેવળ જન્મકેદ રાખવામાં માનતો નહોતો. અચાનક એને વિચાર આવ્યો અને તરતજ આજ્ઞા કરી–

'ધૂધલે મારા સન્માન માટે જે તૈયારી કરી હતી એજ તૈયારી એને માટે કરો ! ગળે કાજળની ડબ્બી બાંધી, કાંચળી પહેરાવી એને પાંજરામાં પૂરી આખા શહેરમાં ગલીએ ગલીએ ફેરવો. લોકોને અભિમાની

ધૂધલની દુર્દશાને નિહાળવા દો ને પછી તેને કારાગા-રમાં જીવનભર કેદ પૂરી રાખો ! '

રાણાના ઈન્સાફથી આખી સભામાં હાસ્યનું એક મોજું ફરી વળ્યું. ધૂધલ જે અત્યાર સુધી સખત ચહેરાથી ઊભો હતો એના મોં ઉપર પણ ફેરફાર થયો કારણ કે મૃત્યુ કરતાં આ ઈન્સાફ તેને માટે વધુ ભયંકર હતો.

રાજસેવકોએ રાણાનો હુકમ બજાવવા ધુધલને બહાર કાઢયો. જંજીરથી જકડાયેલ એ રાજાને નોકરોએ કાંચળી પહેરાવી, કાજળની ડબી ગળે બાંધી. ધુધલ અસહાય હતો. લોઢાની જંજીરો એને જકડી રહી હતી. આ કામ પૂરું કરી રાજસેવકોએ એને ફરીથી પાંજરામાં પૂર્યો. પણ આ શું ?

ધુધલે પોતાની જીભ કરડી હતી, એના મ્હોંમાંથી લોહી વછુટયું હતું. થોડીવારમાં એ જમીન પર પટકાઈ પડયો. ક્ષણવાર એનો દેહ તરફડયો અને પ્રભુના દરબારમાં પોતાનો ઇન્સાફ કરાવવા ચાલી નીકળ્યો.

અપમાન કરતાં એને મૃત્યુ વહાલું લાગ્યું. સભા બરખાસ્ત થઈ અને ધુધલના દેહને દેન દેવાયો.

: ૧૧ :

# બુદ્ધિબળના દાવ

મારતે ઘોડે આવેલો કાસદ હાંફતો હાંફતો સમાચાર આપી રહ્યો હતો.

' માલીક ! દિલ્હીથી મોઝુદ્દીન ગૂજરાત સર કરવા કૂચ કરતો આવી રહ્યો છે. સેના ખુબ મોટી છે. લડાયક સરંજામ પણ ઘણો છે. આબૂ પહાડના રસ્તે એ ચાલ્યા આવે છે.'

રાણો વીરધવળ આ સમાચાર સાંભળી વિચારમાં પડી ગયો. તાજેતરમાં થયેલી લડાઇઓમાં લશ્કર ઓછું થઇ ગયું હતું તેમજ લડાયક સરંજામ પણ ખૂટી ગયો હતો. પાણીના પૂર જેવા આ શાહી લશ્કરને રોકવામાં એને બહુ મુશ્કેલી જણાવા લાગી.

મંત્રીશ્વર વસ્તુપાળ આ વખતે ત્યાં હાજર હતા. એમણે રાણાજીને ચિંતામગ્ન નિહાળી પ્રશ્ન કર્યો:–

'રાણાજી ! સુલતાનની ચડાઈના સમાચાર સાંભળી વિચારમાં કેમ પડી ગયા ?'

રાણાએ પોતાની ચિંતા કહી બતાવી. મંત્રીશ્વર હસી પડ્યા ને બોલ્યાઃ 'મહારાજ ! એમાં ચિંતા કરવા જેવું કંઈ નથી. આજ્ઞા હોય તો સૈન્યને આબૂના પહાડમાંથીજ પાછું વાળું.'

'મંત્રીશ્વર ! યોગ્ય લાગે તેમ કરો, પણ આજની આપણી સ્થિતિ તો તમે જાણો જ છો.'

'પરવા નહિ. રાણાજી ! બધાં સારાં વાનાં થશે.' મંત્રીશ્વર વસ્તુપાળ જાતે સેનાપતિ બન્યા અને સેના એકઠી કરવાનો હુકમ કરી દીધો. પાસેના ખંડિયા રાજાઓને પણ જલદી આવી મળવા માટે ઘોડેસવારો રવાના કરી દીધા. જોતજોતામાં ખૂબ મોટી સેના એકઠી કરી લીધી.

મુસલમાની સરદાર આબૂની ખીણો લગભગ

આવી પહોંચ્યો હતો. એને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે આ ખીણોમાં પણ શત્રુનો મુકાબલો કરવો પડશે. બધા નિરાંતે આગળ વધતા હતા ત્યાં અચાનક વસ્તુપાળના લશ્કરે હલ્લો કર્યો. મંત્રી વસ્તુપાળને આબૂના રાજાની પણ મદદ મળવાથી પહાડના દરેક માર્ગ સુગમ થઈ ગયા હતા. આ અજાણ્યા હુમલાથી મોજુદીનની સેના ગભરાઈ ગઈ અને સામનો કરી ન શકી. થોડીવારમાં તો કેટલાય સૈનિકોનો કચ્ચરઘાણ નીકળી ગયો. મુસલમાન સરદારે જોયું કે હવે આગળ વધવામાં સૈનિકોની ખાનાખરાબી થઈ જશે એટલે એણે બધાને પાછા ફરવાનો હુકમ કર્યો.

મંત્રીશ્વર વસ્તુપાળનો વિજય થયો. પણ તેમણે એક જબરા સરદાર સાથે વૈર બાંધ્યું હતું. સરદાર મૌજુદ્દીન કદી પોતાનો પરાજય સાંખી શકવાનો નહોતો. એ આજે નહિ તો વર્ષે પણ ચડાઇ લાવવાનો જ એ વાત નક્કી હતી. મંત્રીશ્વર પણ આ બાબત જાણતા હતા અને તેને માટે પ્રયત્નમાં જ હતા.

એટલામાં થોડાએક દિવસો બાદ બરાબર તક હાથ આવી.

દિલ્હીના સુલતાનની માતા હજ કરવા માટે મક્કા જવા નીકળી. તે એક વહાણમાં બેસીને જતી હતી. આ વહાણ ખંભાતના ચાંચિયાઓએ લૂંટી લીધું અને બધી મિલકત ઉઠાવી ગયા. સુલતાનની માતાને લાગ્યું કે પૈસા વગર કે બીજાં સાધનો વગર આગળ મુસાફરી અશકય છે તેથી પોતાના વહાણના કપ્તાનને ખંભાતના રાજ્યાધિકારીઓ પાસે ફરિયાદ કરવા મોકલ્યો.

મંત્રીશ્વર બરાબર આ જ વખતે ખંભાતમાં હતા. તેમને રાજસેવકોએ જાણ કરી કે 'મહારાજ! દિલ્હીના સુલતાનની માતાને મક્કે હજ કરવા જતાં ચાંચિયાઓએ લૂંટી લીધી છે અને તેના વહાણનો કપ્તાન ફરિયાદ કરવા આવેલ છે.'

મંત્રીશ્વરે તરતજ એ કપ્તાનને બોલાવ્યો અને બધી ફરિયાદ શાન્તિથી સાંભળી તેમજ પોતે જાતે સુલતાનની માતાને મળવા ચાલ્યા. સુલતાનની માતા કપ્તાન શું સંદેશો લઇને આવે છે તેની રાહમાંજ હતાં ત્યાં ખૂદ મંત્રીશ્વર વસ્તુપાળને આવતાં જાણી

એના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મંત્રીશ્વરે આવીને સુલતાનની માતાને આશ્વાસન આપતાં કહ્યું:—'વૃદ્ધમાતા! પવિત્ર કાર્યને માટે જનારાઓને સતાવવા એ બહુ મોટો ગુન્હો છે ને મહારાણા વીરધવળ તેને માટે હમેશાં ચાંપતાં પગલાં લે છે. મને દુઃખ થાય છે કે અમારી હદમાં બદમાશોએ તમારા તરફ આવું વર્તન ચલાવી તમારા પવિત્ર કાર્યમાં વિઘ્ન ઊભું કર્યું. મેં રાજસેવકોને ફરમાન કર્યું છે કે ચાંચિયાઓ પાસેથી તમારો માલ પાછો લાવે ને તમને સોંપે.'

મંત્રીશ્વરનાં આવાં માયાળુ શબ્દો સાંભળી સુલતાનની માતા બહુ ખુશ થઈ. મંત્રીશ્વરે પણ તેનો બધો માલ ચાંચિયા પાસેથી પાછો મેળવી આપ્યો ને ઠેઠ મક્કા સુધીનો પાકો બંદોબસ્ત કરી દીધો જેથી માર્ગમાં બીજું કોઈ વિઘ્ન ન આવે! આ પછી સુલતાનની માતા જ્યારે પાછી ફરી ત્યારે આખા ખંભાતમાં એના પ્રવેશનો ઉત્સવ કરાવ્યો ને ખૂબ માનસન્માન આપ્યું.

સુલતાનની માતા જ્યારે દિલ્હી પહોંચી ત્યારે

સુલતાનની પાસે ગૂજરાતના રાણા વીરધવળનાં તેમજ સૌથી મંત્રીશ્વર વસ્તુપાળનાં ખૂબ વખાણ કર્યાં અને તેઓ કેવા ભલા ને દયાળુ છે તેનું વિગતવાર વર્ણન કર્યું. સુલતાનના મન ઉપર આ વાતની ખૂબ અસર થઈ. તેણે મંત્રીશ્વર વસ્તુપાળને એક વખત મળવા માટે બોલાવ્યા.

મંત્રીશ્વર સમજતા હતા કે આ દુશ્મનનું તેડું હતું કે જેને એક વખત હરાવ્યો હતો. પણ તેઓ જરાપણ ડર્યા વિના સુલતાનને મળવા ગયા. સુલતાને જ્યારે વસ્તુપાળને નજરે જોયા, તેમની પ્રતાપી મુખમુદ્રાને નિરખી, તેમજ બુદ્ધિચાતુર્યવાળી વાતચીત સાંભળી ત્યારે તે બહુ રાજી થયો અને પોતાની માતાનું રક્ષણ કરવા બાબત કંઇ પણ માગવા કહ્યું.

મંત્રીશ્વરે પ્રથમ બહુ આનાકાની કરી પણ જ્યારે સુલતાન તેમજ તેની માતાએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે તેમણે કેવલ મૈત્રીની માગણી કરી.

સુલતાન આવી માગણીથી ઘણો રાજી થયો.

મંત્રીશ્વરે આ વખતે અહીંથી સંગેમરમરના પાંચ પત્થરો શત્રુંજય તીર્થ ઉપર પોતાના ઇષ્ટદેવ આદિનાથ પ્રભુની પ્રતિમા બનાવવા માટે મોકલી આપ્યા. સુલતાને મંત્રીશ્વરની વિદાયગીરી વખતે બહુ પ્રેમ દર્શાવ્યો અને ફરીથી પધારવા આગ્રહ કર્યો.

રાણા વીરધવળને આ બધા સમાચાર મળ્યા હતા એથી જ્યારે મંત્રીશ્વર ધવલક્કપુર પહોંચ્યા ત્યારે તેમની ભારે પ્રશંસા કરી ને ત્રણ લાખ દામ ભેટ આપ્યા. પણ મંત્રીશ્વરે એ દ્રવ્યનું દાન કરી દીધું. આ પ્રસંગ પછી તેઓ દાનેશ્વરી તરીકે પણ લોકોમાં બહુ પ્રસિદ્ધ થયા.

: ૧૨ :

# સીદીક દેશનિકાલ

ખંભાત બંદરમાં સીદીક કરીને એક ધનાઢય વહાણવટી રહેતો હતો. તેને ત્યાં પૈસાની ટંકશાળ પડતી હતી. હજારો નોકરો કામ કરતા હતા. આખા ખંભાતમાં એ ધન અને સત્તાથી એક્કો ગણાતો હતો.

પણ માણસને જ્યારે લાયકાતથી વધુ લાભ થાય છે ત્યારે અપચો થઈ જાય છે. વહાવટી સીદીકને પણ ધન અને સત્તાનો અપચો થયો. એણે પોતાના એક વફાદાર નોકરને જરા વહેમ પડતાં ખૂબ માર માર્યો, ઘર બહાર લૂંટી લીધાં અને રસ્તાનો ભીખારી બનાવ્યો. અરે! આટલું વીતાડતાંય તેને જંપ ન થયો. એણે રાજ્યમાં ફરિયાદ કરવાની વાત કરી ત્યારે

રાત્રે નોકરો પાસે પકડાવી એક અંધારી કોટડીમાં પૂરી ભૂખે અને તરસે મારી નાંખ્યો.

આખું ખંભાત આ વાત જાણતું હતું પણ તેની વિરુદ્ધ એક અક્ષર પણ ઉચ્ચારવાની કોઈની તાકાત નહોતી. મરનાર નોકરનો જુવાન છોકરો એક રાતે છાનોમાનો મંત્રીશ્વર વસ્તુપાળ પાસે પહોંચી ગયો અને પોતાના દુઃખની કથની વર્ણવતાં ઇન્સાફની માગણી કરી.

મંત્રીશ્વર થોડા વખતથી ખંભાત આવ્યા હતા. એમણે આ ગરીબ માણસની ફરિયાદ સાંભળી અને ન્યાય કરવાનું વચન આપ્યું. મંત્રીશ્વરે તરતજ સીદીક વહાણવટીને બોલાવવા માણસ મોકલ્યું પણ સીદીકે માન્યું નહિ! એણે કહેવરાવ્યું કે 'મંત્રીશ્વરને મળવું હોય તો મારે ઘેર આવે. મને ત્યાં આવવાની અત્યારે ફુરસદ નથી.'

મંત્રીશ્વર આ જવાબ સાંભળીને હસ્યા અને કંઈ પણ બોલ્યા વગર પોતાના સેનાનાયકને બોલાવી થોડી વાર પછી સીદીકના ઘરને ઘેરો ઘાલવાનું સૂચવી દીધું. આ સૂચના કર્યા પછી મંત્રીશ્વર પોતે સજ્જ

થઇને બે અંગરક્ષકો સાથે સીદીકને ઘેર જવા નીકળ્યા.

વહાણવટી સીદીક પોતાના ગુમાનમાં હતો. તેણે જ્યારે મંત્રીશ્વરને આવતા નિહાળ્યા ત્યારે તેને ખાત્રી થઈ કે મારો રૂવાબ બધાના ઉપર એક સરખો જ છે. મંત્રીશ્વર ત્યાં આવીને બેઠા અને પરસ્પર કુશળ સમાચાર પૂછયા. થોડીએક આડીઅવળી વાતચીત પછી મહામાત્યે પેલા નોકર બાબત વાત શરુ કરી પણ આ સાંભળતાંજ સીદીકના ગુસ્સાનો પાર ન રહ્યો.

'મંત્રી ! સીદીક વહાણવટી સાથે સવાલ જવાબ કરવાનું કામ તમારું નથી. મેં જે કાર્ય કર્યું તે બરાબર કર્યું છે, એમાં કંઇપણ પૂછવાનો તમારો હક નથી.'

'સીદીક ! ભૂલો છો ! તમે પણ પ્રજાજન છો. અને એક પ્રજાજન તરીકે સાચો ખુલાસો કરવો એ તમારી ફરજ છે.'

'હું ખુલાસો કરવાની મારી ફરજ સમજતો નથી.'

'તમારે ખુલાસો કરવો જ પડશે, નહિ તો

રાજ્યના ગુન્હેગાર ઠરશો.'

'કોણ હું ગુન્હેગાર? વાણિયા! તારી બુદ્ધિ ભમી ગઇ લાગે છે!'

'સીદીક! મારું અપમાન?'

'હા, હા, તારું. બોલ શું કહેવા માગે છે?'

મંત્રીશ્વરની આંખોમાંથી અગ્નિ ઝરતો હતો. એમણે સિપાઇને આજ્ઞા કરી કે 'સીદીકને કેદ કરો!' પણ સીદીક, પાસે પડેલી તલવાર ઉઠાવી સામે થયો. તરતજ મંત્રીશ્વરે એને બાથ ભરી લીધી અને સિપાઇને તલવાર ખૂંચવી લેવા કહ્યું.

પહાડી કાયાવાળા સીદીકનું અભિમાન ગળી ગયું. એને લાગ્યું કે આ જેવા તેવા હાથ નથી પણ કોઈ પોલાદી સાંકળો છે. સીદીકે પોતાના નોકરોને મદદે બોલાવવા ઘણું કર્યું પણ કોઇ ન આવ્યું. મંત્રીશ્વરના સેનાનાયકે આખા મકાન ઉપર કબજો કરી લીધો હતો. એક ચકલું પણ ફરકી શકે તેમ નહોતું. સીદીક બંદીવાન બન્યો અને તેના વફાદાર નોકરના ખૂન બદલ તેને દેશનિકાલની સજા કરવામાં આવી.

સીદીકને એક સાધારણ હોડિયામાં બેસાડી એમાં થોડું ખાવાનું મૂકી, હાથમાં હલેસાં આપીને સમુદ્રમાં વહેતો મૂકયો. મૂળ જે ગરીબ અવસ્થામાં સીદીક ખંભાત આવ્યો હતો એ જ અવસ્થામાં ખંભાતથી ચાલી નીકળ્યો.

દરિયાનાં ઊંડાં જળ કાપતો સીદીક ઘોઘા બંદરે પહોંચ્યો. ઘોઘા બંદરના ઉપરી શંખરાજાને જ્યારે પોતાના મિત્રના આવવાની વધામણી મળી ત્યારે તે એકદમ મળવા માટે આવ્યો, પણ સીદીકની કફોડી હાલત જોઈ તેની આંખમાં આંસુ આવી ગયાં. સીદીકે પોતાની કથની રોતાં રોતાં વર્ણવી બતાવી. શંખરાજાના નેત્રોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. એણે પોતાના મિત્રના અપમાનનો બદલો લેવા માટે પ્રતિજ્ઞા લીધી અને થોડા જ વખતમાં દરિયાઈ યુદ્ધમાં નિપુણ યોદ્ધાઓ સાથે ખંભાત પર ચડાઈ કરી.

અહીં મંત્રીશ્વરની સેના એનો સામનો કરવા તૈયાર હતી. ભયંકર દરિયાઈ યુદ્ધ જામ્યું. તલવાર, ભાલા, બરછી, સાંગો ને ત્રિશુળોનો છુટથી ઉપયોગ થવા લાગ્યો. શંખ સરદારે અને સીદીકે આખી જિંદગી દરિયાઇ લડાઈઓ ખેલી હતી. એમની સામે દરિયાઇ

લડાઇમાં ઉતરવું એ સાધારણ બાબત નહોતી.

પરંતુ મંત્રીશ્વર વસ્તુપાળ કોઈથી હાર ખાય તેમ નહોતા. એમના લશ્કરમાં અનેક ચુનંદા દરિયાઈ યોદ્ધાઓ સામેલ હતા. આ વખતે મંત્રીશ્વરના એક નિમકહલાલ સેવકે અજોડ પરાક્રમ દર્શાવ્યું ને આખી લડાઇને ફેરવી નાંખી. એણે તલવારના એક જ ઘાએ શંખ સરદારને પૂરો કર્યો.

શંખ સરદારને મરેલો નિહાળી સીદીક ખૂબ ઝનુને ચઢયો પણ મંત્રીશ્વરે એની ખબર થોડીવારમાં જ લઇ લીધી. સીદીકે જોયું કે વિજયની જરા પણ આશા નથી ત્યારે લાગ જોઇ તે નાસી છૂટયો. સેનાપતિ વગરનું સૈન્ય હથિયાર મૂકી વશ થયું ને મંત્રીશ્વરનો વિજય થયો.

પરંતુ મંત્રીશ્વરને અત્યારે જરા પણ હર્ષ નહોતો. તેમનો નિમકહલાલ નોકર સખત ઘાયલ થઈ મૃત્યુને બિછાને પડ્યો હતો. કેટલાય કુશળ હકીમો પાસે તેના ઉપચાર કરાવ્યા પણ એ ન બચ્યો તે નજ બચ્યો.

મંત્રીશ્વરને પોતાના સેવકના મૃત્યુ માટે ઘણો અફસોસ થયો. તેમણે એના કુટુંબના પોષણ માટે

વિશાળ જમીન અને જાગીર આપી તેમજ એના સ્મરણ નિમિત્તે એક મંદિર ચણાવ્યું.

સીદીક અને શંખના પરાજયથી ખંભાતમાં ઘેર ઘેર આનંદ થયો અને લોકોએ તેમના ત્રાસમાંથી મુક્ત થવા માટે હર્ષ મનાવ્યો. મંત્રીશ્વરે સીદીકના ઘરને જપ્ત કરી તેમાંનું બધું દ્રવ્ય રાજ્યને આધીન કર્યું. કહેવાય છે કે સીદીકના ઘરમાંથી રત્ન, માણેક, પન્ના અને સોનાની કેટલીયે પાટો મળી.

આ પછી મંત્રીશ્વરે ઠેઠ મહારાષ્ટ્ર સુધી દરિયા કિનારો વશ કર્યો અને અનેક વિજય મેળવ્યા. એ જમાનામાં રાજ્યવ્યવસ્થામાં અને યુદ્ધકલામાં આ બે ભાઇઓની વીરહાકથી ભલભલા મહારથિઓનાં હાડ કાંપતાં હતાં. એમનું સૈન્ય પણ ખૂબ વિશાળ રહેતું. એ જ્યારે યુદ્ધે ચઢતા ત્યારે–૧૮૦૦ અંગરક્ષકો, ૧૪૦૦ સામાન્ય રજપૂતો, ૫૦૦૦ જાતિવંત ઘોડાઓ, ૨૦૦૦ ઝડપી ઘોડાઓ, ૩૦૦ દૂધ દેવાવાળી ગાયો, ૨૦૦૦ બળદ, ૧૦૦૦૦ નોકર ને બાકીનું લશ્કર રહેતું. તેઓ યુદ્ધમાં ખર્ચ માટે ૪ કરોડ સોનામહોર અને આઠ કરોડ મુદ્રા કાયમ પોતાની પાસે રાખી લેતા !

: ૧૩ :

# તીર્થયાત્રા

ઉંડાળા ગામને પાદર મંત્રીશ્વર વસ્તુપાળ અને તેજપાળનો આખો સંઘ ગાઉમાં પથરાયેલો પડયો હતો. અનેક ભાવિકો અને ભકતો સાથે હતાં.

મંત્રીશ્વર વસ્તુપાળ યાત્રા નિમિત્તે અવારનવાર મોટા સંઘો કાઢતા અને અનાથ તથા અપંગોને દાન કરતા. તેઓ કદી અમૂક ધર્મવાળા સિવાય બીજા ધર્મવાળાને ન પોષવો, ન મદદ કરવી કે તેને ત્રાસ આપવો એવી ભાવનામાં માનતા નહિ. રાજ્યમાં પણ જે લોકો એ પ્રમાણે વર્તતા તેમને પૂરતી શિક્ષા કરતા.

તેમને મન જૈન, વૈષ્ણવ, શૈવ કે મુસલમાન સરખા હતા. પોતે યાત્રા કરવા નીકળતા ત્યારે પણ પોતાના સર કરેલા પ્રદેશોમાં રાખેલા સુબેદારો ગેરવ્યવસ્થા

તો નથી ચલાવતા ને, એ બાબત પર પૂરતું ધ્યાન આપતા.

યાત્રામાં એ ઘણાં પુણ્યકાર્યો કરતા. એ વખતે રસ્તાઓ ખૂલ્લા ને છાંય વગરના હતા. માર્ગમાં એક જળાશય ન મળતું અને માઈલો સુધી એક ધર્મશાળા ન હોવાથી ઘણી હેરાનગતિ થતી. આથી બંને મંત્રી-બંધુઓ પોતાનું દ્રવ્ય આ માર્ગે વાપરતા. તેઓએ માર્ગ ઉપર ઘટાદાર વૃક્ષો રોપાવ્યાં હતાં. વચ્ચે વચ્ચે કુવા તથા તળાવો બનાવ્યાં હતાં, અને થોડે થોડે દૂર ધર્મશાળાઓ બનાવી હજારો પ્રવાસીઓના આશીર્વાદ મેળવ્યા હતા. જ્યાં લૂંટફાટનો ભય હોય ત્યાં તેઓ ચોકીઓ પણ બેસાડતા !

બન્ને ભાઈઓએ યાત્રા અર્થે મોટા મોટા સંઘો કાઢયા હતા. એક એક સંઘમાં હજારો કુટુંબો આવતાં. તેમણે ગિરિનાર અને શત્રુંજયની બાર વખત યાત્રાઓ કરી હતી, જેમાં સંવત ૧૨૭૩, ૧૨૮૫ ને ૧૨૯૮ ( આ તેરમી યાત્રા હતી ) ની યાત્રાઓ બહુ ભપકાવાળી તથા ખૂબ મોટી હતી. નાગેન્દ્ર ગચ્છના અધિપતિ શ્રી વિજયસેનસૂરિજી

સાથે કાઢેલા સંઘનો વૈભવ નીચે મુજબ હતો:

૩૬૦૦૦ મુખ્ય શ્રાવકો જેઓને સોનાનાં તિલક ભેટ અપાયા હતાં. ૧૯૦૦ શેઠ કે જેઓ સંઘપતિ હતા ને રાજ્ય તરફથી જેઓને છત્ર રાખવાનો અધિકાર હતો. ૨૪ હાથીદાંતના રથ, ૨૦૦૦ લાકડાના રથ, ૫૦૦૦૦ ગાડાં, ૧૮૦૦ ઘોડાગાડીઓ, ૩૦૦૦ ચામરવાળા શેઠ, ૪૫૦૫ પાલખીઓ, ૨૨૦૦ તપસ્વી સાધુ, ૧૧૦૦ દિગમ્બર સાધુ, ૪૦૮ મોટા રથ, ૩૩૦ બળદવાળા રથ, ૪૦૦૦ હાથી.

આ સંઘે શત્રુંજય અને ગિરિનારની યાત્રાઓ કરી હતી. કહેવાય છે કે એમાં નોકર ચાકરની સંખ્યા ઉમેરીએ તો સંઘના માણસોની સંખ્યા સાત લાખ જેટલી થાય !

આજે પણ હડાળા ગામને પાદર એવો જ એક સંઘ લઈને મંત્રી શ્રી વસ્તુપાળ અને તેજપાળ રાત્રિ ગાળવા રહ્યા હતા. સૌ પોતપોતાના કાર્યમાં મસ્ત હતા. ત્યાં અચાનક એક ઘોડેસવારે સમાચાર આપ્યા કે થોડે દૂર લૂંટારાઓ માર્ગમાં ઓડા

બાંધીને બેઠા છે. હુકમ હોય તો સેના મોકલીને વિખેરી નાંખીએ.

મંત્રીશ્વર વિચારમાં પડ્યા અને બંધુ તેજપાળની સલાહ લેવા લાગ્યા. બન્ને કંઈ આજ્ઞા આપવાની તૈયારીમાં હતા કે મંત્રી તેજપાળનાં પત્ની અનુપમાદેવી બોલી ઉઠયાં: 'જો, જો, કોઈ રાજસી સંદેશ પાઠવતા. યાત્રા વખતે સત્તા વાપરવી આપણને ન શોભે!'

'પછી સાથેના જોખમનું શું કરવું?'

ખરેખર! આ પ્રશ્ન ગંભીર હતો પણ ચતુર અનુપમાદેવીને માર્ગ શોધી કાઢતાં વાર ન લાગી. એમણે જણાવ્યું કે 'હમણાં ધનને ભૂમિમાં દાટી દો, યાત્રાથી પાછા ફરતાં લઈ લઈશું.'

સૌને આ સલાહ રુચી. અડધી રાતે જ્યારે બધા નિદ્રાધીન થયા ત્યારે કિંમતી દ્રવ્ય તાંબાના વાસણોમાં ભરાવી મંત્રીશ્વર ગામ બહાર તળાવ કાંઠે ચાલ્યા. તળાવનાં જળ પણ અત્યારે જંપી ગયાં હતાં.

સહુનો વિચાર ધનને ખેતરોમાં દાટવાનો થતાં

એક ખીજડાના વૃક્ષને પસંદ કરવામાં આવ્યું. નોકરો ખાડો ખોદવા લાગ્યા. થોડીવારમાં ખાડો ઘણો ઊંડો ખોદાઇ ગયો પણ એટલામાં સેવકોના કોદાળાની સાથે કાંઈ અથડાવા લાગ્યું ને 'ખડાંગ, ખડાંગ' અવાજ થવા લાગ્યો. સેવકોએ ખોદવાનું બંધ રાખી ખાડામાં જોયું તો કંઈક ચળકતું દેખાયું. વધુ તપાસ કરતાં જણાયું કે એ સોનામહોરો હતી અને નીચે તેનાથી ભરેલો આખો ચરૂ હતો.

એકને બદલે બે ચિંતાઓ ભેગી થઈ. એક જોખમને ઠેકાણે પાડવા ગયા ત્યાં બીજું સામે આવી ઊભું. મંત્રીશ્વરે સૌને બોલાવ્યા અને હવે શું કરવું તેની સલાહ પૂછવા લાગ્યા. કોઈ કંઇ સલાહ આપે તો કોઇ કંઈ સલાહ આપે, પણ સહુને ગમે તેવી સલાહ કોઈ આપી શક્યું નહિ.

તેજપાળનાં પત્ની અનુપમાદેવી આ વખતે ત્યાં હાજર હતાં. તે બહુ વિચક્ષણ અને બુદ્ધિશાળી હતાં. એમણે સલાહ આપી:

'નાથ ! ધનને જેમ તમે છુપાવવા માગો છો. એમ એ જાહેર થતું જાય છે. માટે હવે એ ધનને

એવી રીતે રાખો કે જાહેર હોય પણ કોઈ લઈ ન શકે !'

'અનુપમા ! તું શું કહેવા માગે છે એ હું બરાબર સમજી શકતો નથી.'


'નાથ ! બીજું શું કહેવાનું હોય? એ ધનને કોઈ પુણ્યકાર્યમાં ખરચો.'

અનુપમાદેવીના આગ્રહથી સહુએ નિશ્ચય કર્યો કે આ બધું દ્રવ્ય તીર્થક્ષેત્રમાં વાપરવું અને તે માટે પ્રાતઃકાળમાં સૂરિજી મહારાજની આજ્ઞા લેવાનું બાકી રાખ્યું.

બીજે દિવસે સૂરિજી મહારાજની આજ્ઞા માગતાં એમણે પણ જણાવ્યું કે, 'ધન તીર્થક્ષેત્રમાં વાપરો.' મંત્રીશ્વરે પણ વિચાર્યું કે મલ્લદેવના શ્રેય નિમિત્તે તો શત્રુંજય ગિરિ પર મંદિર કરાવ્યું છે પણ પાછળથી મૃત્યુવશ થયેલ ભાઇ લૂણિગ માટે કશું કર્યું નથી. તેના નિમિત્તે એક સુંદર મંદિર બંધાવીએ. આ પછી સ્થળ નક્કી કરતાં તેઓએ આબૂપર્વતને

પસંદ કર્યો, કારણ કે તે સિવાય ઠેઠ બંગાળથી તે દક્ષિણ મહાસાગર સુધી મંદિરો બંધાવી દીધાં હતાં.

આબૂપર્વત ઉપર વિમળશાહનાં દહેરાં પાસે સહુએ મંદિર બનાવવાનો નિશ્ચય કર્યો અને તે માટે બધી તૈયારીઓ કરવા માંડી.



"છતના ઘુમ્મટોમાં જ્યાં જગા મળી ત્યાં શિલ્પકારોએ ફૂલ, ઝાડ, વેલબુટ્ટા, કમળ વિગેરે એવાં સરસ કોરી કાઢ્યાં કે જોનારને અદ્ભુત લાગે." પૃ૦ ૮૦

: ૧૪ :

# અપૂર્વ સર્જન

'શોભનદેવ ! આબૂ પર્વત ઉપર યુગાધિરાજનું મંદિર બાંધવું છે. તમારે બધી કળા ત્યાં બતાવવી પડશે.' મંત્રીશ્વર વસ્તુપાળે શોભનદેવ નામના શિલ્પીને કહ્યું.

એ કાળે શોભનદેવ બધા શિલ્પીઓમાં વખણાતો હતો. એણે કેટલાંય દુર્ગો અને દેવાલયો, મહેલો અને મંદિરો બાંધ્યાં હતાં. એની શિલ્પકળા પાસે ભલભલા મુગ્ધ થઈ જતા હતા. એના હાથમાંથી એવી કારીગરી સરતી કે પત્થરને પણ વાચા આવતી હોય તેમ લાગતું. એના હાથ નીચે હજારો સલાટો અને કારીગરો કામ કરતા. મંત્રીશ્વર વસ્તુપાળ પણ શોભનદેવની કીર્તિ સાંભળીને આજ એને

ત્યાં આવ્યા હતા અને એ મનમોજી કળાધરને પોતાનું કામ કરવા સમજાવી રહ્યા હતા.

'મંત્રીશ્વર ! આબૂના પહાડ ઉપર મંદિર બાંધવાં એ કંઈ સાધારણ વાત નથી. વિમળશાહનાં મંદિર બંધાતાં પત્થરના ભુકા પ્રમાણે રૂપું અપાયું હતું અને શિલ્પીઓની સામે આખો ખજાનો ધરી દીધો હતો. અને એ જ કારણે એક કલાકારની સ્વપ્નમૂર્તિઓ પત્થરે પત્થરે સજીવ બની હતી. જો તમો આટલો ભોગ આપવા તૈયાર નહિ હો તો એ મંદિરો પાસે તમારાં મંદિરો બેડોળ લાગશે.' શોભનદેવે સાચી હકીકત સંભળાવી દીધી.

'શોભનદેવ ! વિમલવસહિકાના પત્થરે પત્થરે રૂપું વપરાયું હોય તો હું સોનું આપીશ. એક વખત તમારી કળા દર્શાવો !'

'મંત્રીશ્વર ! પાયો સોનામહોરથી પૂરવો પડશે.'

'ફીકર નહિ, માગો એ વખતે હાજર છે.'

શોભનદેવ આ જવાબથી બહુ ખુશી થયો અને સૂચના મળતાં કામ પર હાજર થવા વચન આપ્યું. મંત્રીશ્વર પણ સંતોષપૂર્વક પાછા ફર્યા.

આ વખત દરમ્યાન સેનાપતિ તેજપાળ આબૂ પર્વત ઉપર ભૂમિ ખરીદવા ચંદ્રાવતીના રાજા પાસે ગયા અને ગમે તે કિંમત લઇને જમીન આપવા કહ્યું. ચંદ્રાવતીના રાજાએ ખૂદ સેનાપતિ તેજપાળને પોતાના ઘેર આવેલા સમજી રાજીખુશીથી જોઈએ તેટલી જમીન લઈ લેવા કહ્યું. પણ તેમણે કિંમત વિના મંદિર માટે ભૂમિ લેવા ના પાડી અને આખરે તેમણે વીસ લાખ રૂપિયા આપી એ જમીન ખરીદી લીધી, તેમજ પર્વત ઉપર રહેતા પૂજારીઓને પણ દ્રવ્ય આપીને સંતોષ્યા. મંદિરની બધી તૈયારીઓ કરી નાંખી.

શોભનદેવ પોતાના પંદરસો કારીગરો સાથે હાજર થયો. હજારો મજૂરો, હજારો જનાવરો ને સેંકડો હાથી પણ આવ્યા. સંગેમરમરના પત્થરો દૂરદૂરની ખાણોમાંથી હાથીની પીઠ પર લાવવામાં આવતા. જોતજોતામાં પાયો ખોદાઈ ગયો. મંત્રીશ્વરે એને સોનામહોરોથી ઢાંકી દીધો.

શોભનદેવ ભાવનાનો ભૂખ્યો હતો. એને સોના-મહોરોની ભૂખ ન હતી. એણે કહ્યું. ' મંત્રીશ્વર !

હું તો તમારી પરીક્ષા કરતો હતો, મારે એ દ્રવ્ય ન જોઈએ.'

'શોભનદેવ! તમારે મન એ પરીક્ષા હતી પણ મારે મન પરીક્ષા નહોતી. મારે મન એ અર્પણ હતું. હવે તો એને અહીં જ વાપરો. મને ન ખપે!'

શોભનદેવ આ જવાબ સાંભળી સ્તબ્ધ બની ગયો. મહામંત્રી શ્રી વસ્તુપાળે અને તેજપાળે એ દ્રવ્ય કારીગરોની સગવડ માટે વાપરવાનું નક્કી કર્યું. તેમણે આરાસણના પહાડથી આબૂ પર્વત વચ્ચે પત્થરો લાવનાર માટે લાડવાનાં રસોડાં ને પરબો બેસાડી. જનાવરો માટે ઘાસની ગંજી અને પાણીના અવાડા બંધાવ્યા. ઠેર ઠેર વિશ્રામસ્થાનો અને ધાન્યના ભંડારો બનાવ્યા.

કામ બરાબર ચાલૂ થતાં અનુપમાદેવીના ભાઇને તપાસ માટે રાખી સૌ ધવલક્કપુર પાછા આવ્યાં. કહેવાય છે કે એક કારીગરની મજૂરી નકશી કરતાં પડેલા પત્થરના ભૂક્કાના સોનાની બરાબર થતી.

કામ ચાલુ થયે બે ત્રણ વર્ષ વીતી ગયાં. એક

વખત વડીલભાઈની રજા લઈ વીર તેજપાળ અનુપમાદેવી સાથે પર્વત ઉપર કામ નિહાળવા આવ્યા. પણ ખરેખર કામ ઘણું ઓછું થયેલું હતું. તેમણે શોભનદેવને બોલાવીને કહ્યું:

'શિલ્પીરાજ! આયુષ્ય ઘટતું જાય છે, લક્ષ્મી વીજળીની જેમ ચપળ છે માટે મંદિરો જલદી થાય તો સારું.'

શોભનદેવે જવાબ આપ્યો: 'તમારી વાત સાચી છે; પણ અહીં સવારે ઠંડી ઘણી રહે છે તેમજ મધ્યાહ્ને રસોઈપાણીમાં ઘણો સમય જાય છે જેથી કામ ઓછું થાય છે.'

અનુપમાદેવીએ આ જવાબ સાંભળી તરત વીર તેજપાળને કહ્યું: 'નાથ! કારીગરો બમણા રાખો, અડધા દિવસે કામ કરે અને અડધા રાતે કરે. તેમજ એક રસોડું ખોલાવી સૌને પથ્યભોજન આપો અને ઠંડી ઉડાડવા માટે દરેકની પાસે એકેક સગડી મૂકાવો.'

વીર તેજપાળે પોતાની શાણી પત્નીના કહેવા મુજબ સર્વ વ્યવસ્થા કરી દીધી. આથી બધા કારી-

ગરો બહુ રાજી થયા અને કામ ખૂબ ઝડપથી આગળ વધ્યું.

જગતમાં જેનો જોટો આજે પણ જડતો નથી એવું આ મંદિર બાંધતાં નવ નવ વર્ષનાં વહાણાં વહી ગયાં. પણ આ વખતે જે દેવાલય તૈયાર થયું એ અજબ હતું.

એની એક એક ચોકીમાં, એના પ્રત્યેક ગુમ્બ-જોમાં, ઊંચા થાંભલાઓમાં, બહાર મૂકેલા ગોખોમાં કોતરણી જૂદી જૂદી તરેહની હતી. દરેકમાં કોતર-ણીની એટલી સૂક્ષ્મતા હતી કે માણસ એ પત્થરનું પુષ્પ ભૂલી કોઈ સાચું પુષ્પ માની લેવાની ભ્રમણામાં પડી જાય ! મીણમાં પણ જે નકશી ઉતારતાં મુશ્કેલી પડે એ નકશી કઠણ પત્થરોમાંથી કોરાએલી મંદિરના સ્થંભે સ્થંભે ને ગોખે ગોખમાં નજરે પડતી હતી.

મંદિરની દિવાલો, દરવાજાઓ, બારસાખો, સ્થંભો, મંડપો, તોરણો ને છતના ગુમ્બજોમાં જ્યાં જગા મળી ત્યાં શિલ્પકારોએ ફૂલ, ઝાડ, વેલબૂટા, કમળો, સર્પો વગેરે એવાં સરસ કોરી કાઢયાં કે

જોનારને આબેહૂબ જ લાગે. આ ઉપરાંત હાથી, ઘોડા, ઊંટ, વાઘ, સિંહ, મત્સ્ય, પક્ષી, મનુષ્ય અને દેવદેવીઓનાં ચિત્રો પણ સ્થળે સ્થળે આલેખ્યાં. એ સાથે માનવજીવનનાં કેટલાંક દૃશ્યો શિલ્પકારોએ ઊંડા અનુભવથી કાળજીભરી ઝીણવટથી ઉતાર્યાં, જેમાં એ કાળના રાજદરબાર, સવારી, વરઘોડા, જાન, વિવાહ વગેરેના તાદૃશ ચિતાર આપ્યા તથા નાટક, સંગીત, રણસંગ્રામ, પશુપાલન, સમુદ્રયાત્રા, રબારીઓનું ગૃહજીવન આદિ પ્રસંગો આલેખી એમણે એ કાળના સામાજિક, રાજકીય, વ્યાપારિક, તેમજ વ્યવહારુ જીવનનો સુંદર ખ્યાલ આપી દીધો. સમુદ્રયાત્રાનાં દૃશ્યો આપી એ સમયે હિન્દમાં કેવો જળવ્યાપાર ચાલતો તેનો ચિતાર રજુ કર્યો. આ ઉપરાંત જૈનધર્મના તીર્થંકરોના જીવનના અનેક મહત્વના પ્રસંગોની ધાર્મિક ક્રિયાઓને શિલ્પકારોએ સજીવ બનાવી.

મંદિરના ગુમ્બજમાં ૧૦૮ પાંખડીવાળું કમળ બનાવી એ કમળની પાંખડીએ પાંખડીએ જુદા જુદા




અંગમરોડ દર્શાવતી પૂતળીઓ મૂકી, એ કાળની નૃત્યકળાને એવી સુંદર રીતે ને એટલી નાજુક રીતે બતાવી કે, જોનારના મુખમાંથી સ્વાભાવિક જ આશ્ચર્યના ઉદ્ગાર નીકળી પડે !

મંદિર પાછળ હસ્તિશાળાઓ બનાવી હાથીઓની અનુપમ પ્રતિકૃતિઓ રચી.

આવાં આવાં તો અનેક કળાચિત્રો એ મંદિરમાં આલેખાયાં. પણ આની પાછળના દ્રવ્યવ્યયની કોણ કલ્પના કરી શકે ?

બે ગોખલાઓ બનાવવામાં જ ૧૮ લાખ રૂપિયાનું ખર્ચ થયાનું કહેવાય છે. એના ઉપરથી કલ્પી શકાય છે કે કેટલું દ્રવ્ય એમાં ખરચાયું હશે !

મંત્રીશ્વરો જેવું મંદિર બંધાવવા માગતા હતા તેવું મંદિર બંધાઈ ગયું. તેમણે પ્રસિદ્ધ આચાર્ય શ્રી વિજયસેનસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠા

નેમિનાથ જિનમંદિરની અનુપમ શિલ્પકળાના કેટલાક સુંદર નમુનાઓ.

કરાવી જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી નેમનાથની મૂર્તિ પધરાવી.

આ પ્રતિષ્ઠામાં કેટલાય રાજાઓ અને કેટલાય ગામના સંઘ ભાગ લેવા આવ્યા હતા. દૂર દૂરથી લોકો આ કારીગરી અને અપૂર્વ ભક્તિભાવને નિહાળવા ત્યાં ભેગા થયા હતા !

જગતભરમાં અજોડ કારીગરીના નમુના તરીકે આ મંદિરો આજે પણ સહુની પ્રશંસા પામી રહ્યાં છે.

: ૧૫ :

# અન્તિમ કાળ

રાણો વીરધવળ આજે મૃત્યુપથારીએ પડયો હતો. મૃત્યુના ઓળાઓ એની આંખ સામે પથરાઇ રહ્યા હતા. એને હવે કોઈ પણ વાતનો અસંતોષ નહોતો. પોતાની પાછળ પુત્રપરિવાર તેમ જ મોટું રાજ છોડતો જતો હતો. જેમનાં બળ ને બુદ્ધિથી પોતે આટલું મોટું સામ્રાજ્ય જમાવી શકયો એ વીર વસ્તુપાળ અને તેજપાળ હયાત હોવાથી કશીય ચિંતા વગર પ્રભુનું નામ જપતો હતો.

આખો રાજમહેલ અને બધી પ્રજા આવા દયાળુ રાજાની તબિયત માટે ચિંતાતુર હતી, પણ મૃત્યુના તેડાને કોણ ખાળી શકે? રાણાને એક બગાસું આવ્યું, એણે ધીરેથી પ્રભુનું નામ લીધું અને

ક્ષણવારમાં એનો આત્મા દેહને તજી પરલોકને પંથે પળ્યો.

રાજમહેલ શોકકળથી ગાજી ઉઠયો. આખા રાજ્યમાં શોકની છાયા છવાઇ ગઈ. રાજાના શબને અગ્નિદાહ દેવા માટે આખું નગર ઉલટયું. ચંદનની મોટી ચિતા ઉપર રાણાના શબને સુવાડવામાં આવ્યું અને બધી ક્રિયા બાદ એને અગ્નિ સ્પર્શાવવામાં આવ્યો. સુકાં ચંદનનાં કાષ્ઠ ભડભડ બળી ઉઠયાં. શબ એમાં રાખ થવા માંડયું. પોતાના વહાલા રાણાને આ રીતે ભસ્મ થતો રાજમહેલના સેવકો ન નિહાળી શકયા. તેઓ ભયંકર ચીસો સાથે ચિતામાં કૂદી પડયાં. ચોતરફ ભયંકર વાતાવરણ પથરાઈ ગયું. સેનાપતિ તેજપાળે રોતી આંખે લોકોને દૂર કરી સૈન્યને ચિતાને વીંટળાઈ વળવા આજ્ઞા કરી. કહેવાય છે કે આ વખતે ૧૮૨ નોકરો જીવતા બળી મૂઆ હતા !

આ પછી મંત્રીશ્વર વસ્તુપાળે રાણા વીરધવળના પુત્ર વીસલદેવનો રાજ્યાભિષેક કર્યો ને

રાજકારભાર બરાબર ચલાવવા માંડયો; પણ હવે તેમને રસ ઓછો થઈ ગયો હતો. રાણાના મૃત્યુ પછી એમના જીવનમાં ઉદ્દાસિનતા આવી ગઇ ને દિનપ્રતિદિન બેચેની વધવા લાગી.

ત્રણ ત્રણ વર્ષનાં વહાણાં વાઈ ગયાં પણ હજી એ બેચેની ઓછી નહોતી થઇ. શરીરમાં અસ્વસ્થતા આવી ગઇ. આ જોઇ તેમણે શત્રુંજયની યાત્રાનો વિચાર કર્યો અને સંઘ સાથે ચાલી નીકળ્યા.

રાણા વીસલદેવ અને સોમેશ્વર કવિ સાથેના વિયોગ વખતનું દૃશ્ય બહુ કરુણાજનક હતું. મંત્રીશ્વર વસ્તુપાળને લાગ્યું હતું કે હવે મૃત્યુ નજીકમાં જ છે.

મંત્રીશ્વરનો સંઘ ચાલ્યો. સાથે વીર તેજપાળ અને તેમનો પુત્ર જયન્તસિંહ પણ હતા. મંત્રીશ્વર પ્રભુદર્શનની ઝંખનામાં હતા પણ હવે તીર્થયાત્રા પૂરી થવાની નહોતી. કાઠિયાવાડના ભૂખરા માર્ગ ઉપર મુસાફરી કરતા એ લીંબડી નજીક 'અંકેવા-ળિયા' ગામ પાસે આવી પહોંચ્યા કે વ્યાધિએ

એકાએક ઉછાળો માર્યો. મંત્રીશ્વરની સિંહ જેવી કાયા પથારીએ પડી. સૌએ ખૂબ ઉપચારો કર્યા પણ એ પુણ્યાત્મા વધુ વખત પૃથ્વી પર ન રહ્યો. અહીંજ એમનો દેહ પડયો. તીર્થયાત્રા અધુરી રહી, જીવનયાત્રા પૂરી થઈ. આખા સંઘમાં ઉદાસીનતા છવાઈ ગઈ.

'ભાઇઓ! યાત્રા અધવચ નથી રાખવી! ભાઇના દેહને શત્રુંજય માથે જ દેન દઈશું.' વીર તેજપાળે આંસુ લૂંછતાં કહ્યું: 'હવે કોઇ રડશો મા, યાત્રીના ભાવથી પ્રભુસ્મરણ કરતા ચાલો.'

સૌ શાન્તભાવે શત્રુંજય પહોંચ્યા. માર્ગમાં ન કોઇ રડયું કે ન કોઈએ વિલાપ કર્યો. શત્રુંજય ઉપર એ વીરના દેહને અગ્નિસંસ્કાર કર્યો અને તેની ભસ્મ ઉપર પવિત્ર દેવાલય બાંધ્યું.

મંત્રીશ્વર વસ્તુપાળના ૨૪ બિરુદોમાંથી એક યાદિમાં નીચે મુજબ ૨૧ બિરુદો મળે છે—

(૧) પ્રાગ્વાટ જ્ઞાત્યલંકાર
(૨) સરસ્વતીકંઠાભરણ

(૩) સચિવ ચૂડામણિ
(૪) દુર્વાલ (?) સરસ્વતી
(૫) સરસ્વતી ધર્મપુત્ર
(૬) લઘુ ભોજરાજ
(૭) ખંડેરાઓ
(૮) દાતાર ચક્ર ચૂડામણિ
(૯) ......................
(૧૦) કંદર્પરૂપ
(૧૧) ચાતુર્ય ચાણાક્ય
(૧૨) જ્ઞાતિવરાહ
(૧૩) જાતિ ગોપાલ
(૧૪) સઈદ વંશ ક્ષયકાર
(૧૫) ......................
(૧૬) મઝઝા જન
(૧૭) ગંભીર
(૧૮) વીર
(૧૯) ઉદાર
(૨૦) નિર્વિકાર
(૨૧) ઉત્તમનય નિપુણ

(૨૨) સર્વ જન પાલક
(૨૩) શંખમાનવિમર્દક
(૨૪) ......................

આવા અતિ માનનીય વીરબંધુના મરણ પછી વીર તેજપાળ પાંચ વર્ષ જીવ્યા પણ બહુ વૈરાગ્યદશામાં રહ્યા. પોતાના પ્રાણસમ પ્રિય ભાઈનો વિયોગ એમને પળે પળે રડાવતો હતો. તેઓ પાંચ વર્ષ પછી શંખેશ્વર તીર્થની યાત્રા કરવા જતાં ગુજરી ગયા. તેમની પાછળ અનુપમાદેવીએ પણ થોડા દિવસે પ્રાણત્યાગ કર્યો.

બન્ને વીર ભાઈઓના મૃત્યુના દિવસે આખા રાજ્યમાં શોક પળાયો અને બધે ગરીબોને ખૂબ દાન દેવાયું.

: ૧૬ :

# ઉપસંહાર

મંત્રીશ્વર વસ્તુપાળ અને તેજપાળ એ કોઇ કોમ, જાતિ કે પ્રાન્તની વિભૂતિઓ નહોતી. એ સમસ્ત હિંદની માનનીય વિભૂતિઓ હતી. એમણે કદી કોઈ જાતિ કે કોઇ ધર્મનો પક્ષ નથી કર્યો. એમનો દાન-પ્રવાહ ઉત્તરમાં કેદારનાથથી લઇને દક્ષિણમાં કાંચી સુધી અને પૂર્વમાં કાશીથી માંડી પશ્ચિમમાં રળિયા-મણા પ્રભાસપાટણ સુધી વહેતો હતો. એ પ્રદેશમાં એવું કોઇ દેવાલય નહોતું કે એવી કોઇ ધર્મ કે વિદ્યાની સંસ્થા નહોતી જ્યાં એમણે દિલ ખોલીને દાન ન આપ્યું હોય !

હિન્દનું એકે એવું પવિત્ર ધામ નથી કે જ્યાં આ વીરોની યાદ ન હોય. સોમેશ્વર મહાદેવને એ વીર

બંધુઓ તરફથી દર વર્ષે દશ લાખ મળતા. કાશી વિશ્વેશ્વર, દ્વારકાનું મંદિર, પ્રયાગરાજ, ગંગાતીર્થ, અને આબૂને પ્રતિવર્ષ એક લાખનું વર્ષાસન આપતા. એમણે પુણ્યકાર્યોમાં કદી ભેદભાવની દિવાલો રાખી જ નથી.

શત્રુંજય, દેલવાડા ને ગિરનારનાં એમનાં દહેરાં-બાદ કરીએ, જૈન મંદિરોની વિશાળ સંખ્યાને અત્રે ન લઈએ તો પણ તેમણે ૩૦૦૨ શૈવાલયો, ૧૦૦૨ ધર્મશાળાઓ, ૭૦૦ બ્રાહ્મણશાળા, ૭૦૦ લેખક-શાળાઓ, ૫૦૦ પાંજરાપોળો, ૮૪ મોટાં તળાવો, ૪૮૪ તળાવડીઓ, ૪૮૪ વાવો, ૩૨ કિલ્લાઓ, ૭૦૦ સદાવ્રતશાળાઓ ને તે ઉપરાંત ૬૪ મસ્જિદો બનાવરાવી હતી.

સાહિત્યના ઉત્તેજન માટે પણ તેમણે તેટલું જ કર્યું છે. તેઓ હમેશાં વિજયયાત્રા પછી કે શુભ દિવસે કવિ અને પંડિતોને ખૂબ દાન કરતા. તેમણે બ્રાહ્મણ અને જૈન ગ્રંથો લખાવવામાં ૧૮ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.

રાજકારભાર પણ ઘણો ઉત્તમ હતો. તેમના વખતમાં કદી દુકાળ ન પડતો કે ચોરોનાં ધાડાં પ્રજાને ત્રાસ ન આપતાં, તેમજ સૌ પોતાના ધર્મને સુખે પાળતા. કર નિયમ મુજબ લેવાતો.

સંક્ષેપમાં વીરશિરોમણી વસ્તુપાળ અને તેજપાળ હિન્દની મહાન વિભૂતિઓ હતી. એમની કાર્યકુશળતા, ધર્મપ્રિયતા, સમાનભાવ, પ્રચંડ વીરતા, અદ્‌ભુત તેજસ્વીતા, સુંદર પાંડિત્ય આજે પણ સૌને તેમના તરફ માનથી જોવરાવે છે.

સાતસો વર્ષ પૂર્વના એ મહાન ગુર્જરવાસીઓને હિન્દબાળનાં નમન હજો !

# — સંદર્ભ પુસ્તકોની યાદી —


| | | |
|---|---|---|
| ૧ | ધર્માભ્યુદય કાવ્ય | શ્રી ઉદયપ્રભસૂરિ |
| ૨ | વસ્તુપાળ ચરિત્ર | શ્રી જિનહર્ષ ગણિ |
| ૩ | કીર્તિ કૌમુદી | શ્રી સોમેશ્વર કવિ |
| ૪ | સુકૃત સંકીર્તન | શ્રી અરિસિંહ કવિ |
| ૫ | નરનારાયણ કાવ્ય | શ્રી વસ્તુપાલ મંત્રી |
| ૬ | વીરશિરોમણિ વસ્તુપાળ | ('જૈન' પત્રની ભેટ) |
| ૭ | રાસમાળા | સર એલેકઝાન્ડર કિન્લોકફાર્બસ |
| ૮ | જૈન સંપ્રદાય શિક્ષા | યતિ પ્રમોદવિજયજી |
| ૯ | ઉપદેશ તરંગિણી | શ્રી રત્નમંદિર ગણિ |
| ૧૦ | આબૂ | મુનિ શ્રી જયંતવિજયજી |
| ૧૧ | વસ્તુપાળ તેજપાળ રાસ | શ્રી મેરુવિજય |
| ૧૨ | શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ | સંપાદક : શ્રી જિનવિજયજી |
| ૧૩ | ચતુર્વિંશતિ પ્રબંધ | શ્રી રાજશેખરસૂરિ |
| ૧૪ | પ્રબંધ ચિંતામણી | શ્રી મેરુતુંગ |
| ૧૫ | મધપૂડો | નવજીવન પ્ર. મંદિર |

## શ્રી સયાજી બાલજ્ઞાનમાળામાં

### પ્રકટ થએલાં

## ઐતિહાસિક ચરિત્રો.

૧ (૧) **મહારાણા પ્રતાપ.** રમણલાલ વસંતલાલ દેસાઇ એમ. એ. (૧૯૧૯–૧૯૨૨) ૦–૬–૦

૨ (૮) **ઔરંગજેબ.** મનસુખલાલ મોહનલાલ પોટા બી. એ. (૧૯૧૯–૧૯૨૨) ૦–૬–૦

૩ (૧૦) **રણજિતસિંહ.** ભરતરામ ભાનુસુખરામ મહેતા, એ. ટી. સી. ઇ. (૧૯૨૦–૧૯૨૩) ૦–૬–૦

૪ (૧૧) **શ્રીહર્ષ.** ભરતરામ ભાનુસુખરામ મહેતા (૧૯૨૦–૧૯૨૨) ૦–૬–૦

૫ (૧૬) **બાલનેપોલિયન.** દિનકરરાય પુરુષોત્તમરાય જોષીપુરા (૧૯૧૯–૧૯૨૫) ૦–૬–૦

૬ (૧૯) **श्रीहर्ष.** આનંદપ્રિય આત્મારામજી બી. એ. એલએલ. બી. [હિન્દી] (૧૯૨૧) ૦–૮–૦

૭ (૨૪) **લૉર્ડ વિલિયમ બેન્ટિક.** સ્વ. હીરાલાલ હરજીવન ગણાત્રા બી. એ. એલએલ. બી. સોલિસીટર (૧૯૨૨) ૦–૬–૦

૮ (૨૫) **નાના ફડનવીસ.** રમણલાલ વસંતલાલ દેસાઇ. એમ. એ. (૧૯૨૨) ૦–૬–૦

૯ (૨૮) **મહાદજી સિંધિયા.** વલ્લભરાય લાલશંકર છાયા. બી. એ. (૧૯૨૨) ૦–૬–૦

૧૦ (૩૪) **બાલ બાબર.** મનસુખલાલ મોહનલાલ પોટા, બી. એ. (૧૯૨૩) ૦—૬—૦

૧૧ (૪૧) **વિલિયમ યુવર્ટ ગ્લેડસ્ટન** સ્વ. હીરાલાલ હરજીવન ગણાત્રા, બી. એ. એલએલ. બી. સોલીસીટર (૧૯૨૪) ૦—૬—૦

૧૨ (૪૨) **શૂરવીર શિવાજી.** ભરતરામ ભાનુસુખરામ મહેતા એ. ટી. સી. ઇ. (૧૯૨૪) ૦—૬—૦

૧૩ (૪૭) **छत्रपति शंभाजी महाराज.** કેશવ મંગેશ રાંગણેકર બી. એ. [મરાઠી] (૧૯૨૪) ૦—૬—૦

૧૪ (૪૮) **महाराणा प्रताप.** પરશુરામ ગોવિંદ કાટદરે [મરાઠી] (૧૯૨૪) ૦—૬—૦

૧૫ (૫૧) **ડયુક ઓફ વેલિંગ્ટન.** હીરાલાલ હરજીવન ગણાત્રા બી. એ. એલએલ. બી. સોલીસીટર (૧૯૨૪) ૦—૬—૦

૧૬ (૬૪) **औरंगझेब.** આનંદપ્રિય આત્મારામ પંડિત બી. એ. એલએલ. બી. [હિન્દી] (૧૯૨૬) ૦—૮—૦

૧૭ (૬૬) **ચક્રવર્તી અશોક.** હરિરાય ભગવંતરાય બુચ ૦—૬—૦

૧૮ (૬૭) **बाल-बाबर** વિષ્ણુ પાંડુરંગ નેને બી. એ. [મરાઠી] (૧૯૨૬) ૦—૬—૦

૧૯ (૭૭) **विलियम युडवर्ट ग्लेडस्टन** વિષ્ણુ પાંડુરંગ નેને બી. એ. [મરાઠી] (૧૯૨૭) ૦—૬—૦

૨૦ (૮૯) **अशोक.** વિષ્ણુ પાંડુરંગ નેને બી. એ. [મરાઠી] (૧૯૩૨) ૦—૬—૦

૨૧ (૯૭) **આપણા મહારાજા** (સચિત્ર) ચંદ્રશંકર મ. ભટ્ટ ૦-૬-૦

૨૨ (૯૮) **કોલમ્બસ** (સચિત્ર) ચંદ્રશંકર મ. ભટ્ટ (૧૯૩૩) ૦-૬-૦

૨૩ (૧૦૩) **कर्ण** કવિ રામરાવ માર્તંડ ભાંબુરકર (સચિત્ર) [મરાઠી] (૧૯૩૩) ૦-૬-૦

૨૪ (૧૦૫) **रामदास**—કવિ રામરાવ માર્તંડ ભાંબુરકર (સચિત્ર) [મરાઠી] (૧૯૩૩) ૦-૬-૦

૨૫ (૧૦૭) **झांशीची शूर राणी लक्ष्मीबाई** (સચિત્ર) શ્રીમતી લક્ષ્મીબાઈ પ્રધાન [મરાઠી] (૧૯૩૩) ૦-૬-૦

૨૬ (૧૦૯) **भीष्म** વિ. વા. જોશી (સચિત્ર) [મરાઠી] (૧૯૩૩) ૦-૬-૦

૨૭ (૧૧૪) **एलिचपूर** ય. ખુ. દેશપાંડે એમ. એ. એલએલ. બી. [મરાઠી] (૧૯૩૪) ૦-૬-૦

૨૮ (૧૨૪) **વિમળશાહ** ધીરજલાલ ટોકરશી શાહ (સચિત્ર) (૧૯૩૫) ૦-૬-૦

૨૯ (૧૩૨) **વસ્તુપાળ-તેજપાળ** ધીરજલાલ ટોકરશી શાહ (સચિત્ર) (૧૯૩૫) ૦-૬-૦